


# અધ્યાત્મ

વર્ષ : ૧૭

અંક : ૧

ઓક્ટોબર–૧૯૯૫

## ગીતામાં ક્યાંય બાહ્ય વિધિવિધાનનું નિરૂપણ નથી

ગીતામાં ક્યાંય બાહ્ય વિધિ, દેખાવ કે સંપ્રદાયનું નામ નથી. તે તો બધાં ડાળીપાંદડાં છે. તેને છોડી દઈને ગીતાએ ધર્મના મૂળ સિદ્ધાંતો તરફ સૌનું લક્ષ દોર્યું છે. કેટલાક ગ્રંથો ધર્મના બાહ્ય વિધિવિધાન ને સાધનને જ મુખ્ય માનીને તેનો ઉપદેશ કરે છે. કોઈ કહે છે કે અમુક મતના અનુયાયીએ અમુક જાતનું જ તિલક કરવું જોઈએ તો કોઈ પોતાના અનુયાયીઓને માટે બીજી જ જાતનું તિલક બતાવે છે. જુદી જુદી જાતની માળા ને જુદા જુદા વેશનાં વિધાનો પણ ખૂબ રસ ઉપજાવે તેવાં હોય છે. આમાંથી કેટલીક વાર કટ્ટરતા પણ ઉત્પન્ન થાય છે. માણસો પોતાના પંથના અનુયાયીઓને સ્વર્ગ તથા પ્રભુની કૃપા માટેના યોગ્ય ઉમેદવારો માને છે ને બીજા પંથના અનુયાયીઓને પરાયા માનીને કોઈ કોઈ વાર તિરસ્કારબુદ્ધિથી પણ જુએ છે. આને લીધે ધર્મધર્મ વચ્ચે કેટલીક વાર વિખવાદ પણ થાય છે. માણસો ધર્મના બહારના માળખાને સાચો ધર્મ માની લે છે તેનું આ પરિણામ છે. જડ શરીર કાંઈ આત્મા નથી તેમ જ ડાળીપાંદડાં કાંઈ ઝાડનું મૂળ નથી. તેવી રીતે ધર્મનું બાહ્ય માળખુ કાંઈ સાચો ધર્મ નથી. તે તો માણસની રુચિ પ્રમાણે તૈયાર થયું છે ને સંજોગો પ્રમાણે ફેરવાયા કરે છે. માણસે ધર્મના પ્રાણને પકડવો જોઈએ. પણ એ પ્રાણ કેવી રીતે પકડાય? પાણીની અંદર લાકડાં ને પાંદડાં પડી ગયાં છે તેને સાફ કરવાથી ચોખ્ખું પાણી મળી શકે અથવા તો શરીરની અંદર ઊંડા ઊતરવાથી આત્માનો પ્રકાશ સાંપડી શકે.

યોગેશ્વરજી

"જય જય જ્યોતિર્મયી માતા, વંદુ માત ભવાની."



મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી
નિર્વાણ : ૪–૧૦–૮૦ ભાવનગર

# * માતૃ–વંદના *

જય જય જય જ્યોતિર્મયી માતા
વંદુ માત ભવાની......
લાડકવાયા પુત્રરત્નને પ્રભુપંથે પધરાવ્યા,
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા.
જય જય....
દેવપ્રયાગે પ્રભુની સાથે છાયા બની વિરાજ્યાં,
કષ્ટ સહ્યાં એકાંત પ્રદેશે શ્રદ્ધા દીપ પ્રગટાવ્યા.
જય જય....
વ્રત ઉપવાસ પ્રભુના આપે સમજણ થકી વધાવ્યા,
પ્રત્યક્ષ માતૃદેવ ગણીને પ્રભુએ પણ અપનાવ્યાં.
જય જય....
પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમશાંતિ તમે પામ્યાં,
જીવનનું કલ્યાણ કરીને, ભવનાં બંધન ટાળ્યાં.
જય જય....
સેવાનું સદ્ભાગ્ય ધરીને સર્વેશ્વરીને સ્વીકાર્યાં,
અંતે કૃપા ઘણી વરસાવી આશિષ દઈ સિધાવ્યાં.
જય જય....
મનહર મંગલ માતૃઅંકમાં બાળસ્વરૂપે પધારી,
યોગેશ્વરપ્રભુ દર્શન દેજો વિનંતિ લેજો વધાવી.
જય જય....
કૃપાતણી વર્ષા વરસાવો પરમધામથી પ્રીતે,
સર્વેશ્વરીનો સાદ સુધી લો યોગની અવનવી રીતે.

— મા સર્વેશ્વરી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫–૦૦
વિદેશમાં રૂ. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| સાર્થકતા | પિનાકીન ના. જાની | ૧૨ |
| વિણેલું પરમાત્મા ક્યાં વસે છે? | કાંતિલાલ કાલાણી | ૧૫ |
| પૂ. માની એ પુણ્યપ્રદ મધુર સ્મૃતિઓ | નારાયણ હ. જાની | ૧૯ |
| કર | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૯ |
| ડગલે ડગલે | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૧ |
| માટીની કાયા–છોડ એની માયા | દિલહર સંઘવી | ૩૨ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | શ્રીયશસ્વીભાઈ મ. મહેતા | ૩૩ |
| અશક્યને તેં શક્ય કર્યું | નારાયણ હ. જાની | ૪૧ |
| નવા વર્ષની શુભેચ્છાઓ | તંત્રી | ૪૭ |
| જય હો! | પરમાર્થી | ૨૧ |
| સ્વામી શ્રી રામદાસ | રામભક્ત | ૨૨ |
| સર્વેશ્વરી તીર્થનો પાટોત્સવ | તંત્રી | ૪૯ |
| બીલીપત્ર | યોગેશ્વરજી | ૫૦ |
| જ્ઞાનદાયિની શ્રી શ્રી મા શારદા | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૨ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૭ ઓક્ટોબર–૧૯૯૫ અંક : ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧-૫-૮૧, શુક્રવાર, ચૈત્ર વદ બારસ, ૨૦૩૭,**
**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત–૯**

પૂ. શ્રી પવિત્ર સાંનિધ્યે દિવસો આનંદથી વીતી રહ્યા છે. આ સમર્થ મહાપુરુષના શ્રીચરણે બેસી સાધના કરતાં કરતાં જીવન-ધ્યેય પૂર્ણ થાય એ જ પ્રાર્થના છે.

પૂ. શ્રી સમયસર ઊઠી જાય છે. રાત્રે સમયસર ઊઠી માળાનો નિયમ પૂર્ણ કર્યો. સવારે સ્નાન, વ્યાયામ, દૂધ પીવું, લેખન–આ આખાયે ક્રમમાં સાડા અગિયાર તો સહજમાં થઈ જાય છે. સર્વેશ્વરી પણ પોતાના નિયમ પ્રમાણે ગીતાપાઠ–જપ લેખનમાં સમય પસાર કરે છે.

સાડા અગિયારે પૂ. શ્રી ભોજન લેવા બેઠા છે. ગઈકાલે

અગિયારસ હતી. આજે પૂ. શ્રી ખીચડી જ લે છે. બારસને દિવસે પૂ. શ્રી પોતાને પ્રિય એવી ખીચડી જ લે છે. વળી આજકાલ ત્રણેક માસથી પૂ. શ્રી દરરોજ રાત્રે પણ ખીચડી જ લે છે. ખીચડી સાથે દૂધ લે છે. એક જ વસ્તુ ભાવે એટલે કામ પત્યું, એવું પૂ. શ્રી માને છે. જો ખીચડી ભાવી તો પછી તેની સાથે કંઇ જ ન લેવાનું. ઘી કે દૂધ કે શાક કે કઢી કશું જ નહીં.

ભોજન બાદ પૂ. શ્રી બરાબર બાર વાગે બહારના રૂમમાં આવી જાય છે, જ્યાં એક સોફો મૂક્યો છે, તેના પર પૂ. શ્રી બેસે છે. પાસે જ જમણી બાજુ સર્વેશ્વરી નીચે આસન ઉપર બેસે છે. આજે કપૂરાથી સાત–આઠ બહેનો પૂ. શ્રીનાં દર્શને આવ્યાં છે. રૂમ આખોયે ભરાઇ ગયો છે.

સૌ બેઠા પછી પૂ. શ્રી કહે છે, “કંઇ પૂછવું હોય તો વિચારો.” ત્યાં સુધીમાં રોજનીશીનું એક દિવસનું વાંચન સાંભળો. પૂ. શ્રીના આ શબ્દો સાંભળી સર્વેશ્વરી વડોદરાના નિવાસનો એક દિવસ વાંચી સંભળાવે છે.પૂ. શ્રીએ વાંચન બાદ કહ્યું : ઘણું ઘણું જાણવાનું મળે છે. ભવિષ્યમાં છપાશે ત્યારે અનેકને ઘણો લાભ થશે.

હવે કોને કંઇ પૂછવું છે? ત્યાં તો શ્રી ભટ્ટ સાહેબ એક પ્રશ્નનો કાગળ પૂ. શ્રીને ધરે છે. જેના પ્રશ્નો હોય, તે જ વાંચે. પૂ. શ્રીની એ સૂચના પછી તે કાગળ વડોદરાના રાજેન્દ્ર પુરોહિતને આપવામાં આવે છે, કારણ કે તે પ્રશ્નો તેમના હતા. તેમના ત્રણ પ્રશ્નો હતા–ત્રણે સરખા જ છે એમ કહેતાં તેઓ વાંચે છે.

**પ્રશ્ન :** સતત જાગરૂકતા રાખવા શું કરવું જોઇએ?

**પૂ. શ્રી :** જાગરૂકતા શબ્દ ખોટો છે. ગુજરાતીમાં જાગૃતિ રાખવા શું કરવું અથવા જાગૃત રહેવા શું કરવું એમ બોલી શકાય. તો જાગૃતિ રાખવા શું કરવું જોઇએ? ક્ષણેક્ષણની જાગૃતિ



રાખવા ક્ષણેક્ષણ જાગતાં શીખવું. આંખ ઊઘાડીને જે જોવાનું છે તે જુઓ, જેનું ધ્યાન રાખવાનું છે તેનું ધ્યાન રાખો. જીવનને ચકાસવું. જીવનને તપાસતા રહેવું. આપણા દોષોને પકડવા. આપણી ભૂલોને શોધવી ને ભૂલોને દૂર કરવા કટિબદ્ધ બનવું.

ત્યાં તો એક ભાઇ મુંબઇથી આવ્યા છે તે બોલી ઊઠ્યા : એ ભાઇનો પ્રશ્ન ઉપાસનામાં સતત જાગૃત રહેવા શું કરવું એ હશે, કારણ મારે પણ એ જ પ્રશ્ન છે.

**પ્રશ્ન :** ના ભાઇ ના, તમારી પાછળ તેઓ બેઠા બેઠા ડોકી નકારમાં હલાવે છે. અમે જાણીએને! એ છોકરાઓ નાના હતા ત્યારથી અમારી પાસે આવે છે ને અમારા દેખતાં દેખતાં પરણશે પણ ખરા. (સૌ હસે છે) એટલે એમનો પ્રશ્ન જુદો છે.

જીવનમાં જાગૃતિ વધે તેમ તેમ શુદ્ધિ પણ વધતી જાય છે, પછી જીવનને શુદ્ધ રાખવાના પ્રયત્ન નથી કરવા પડતા. સ્વાભાવિક રીતે જ જાગ્રત બની જવાય છે. પણ શરૂઆતમાં જેમ આખી રાત જાગી ન શકાય તો બ્રાહ્મમુહૂર્તમાં તો જાગો જ. તેમ દરરોજતમે રાત્રે સૂવા જાવ, ત્યારે તો વિચારો–તમે આખા દિવસમાં શું કર્યું? શું બોલ્યા? ક્યાં ફર્યાં, કેવા વિચારો, કેવા ભાવો કર્યાં? તે યોગ્ય હતા કે કેમ? કોને મળ્યાં, શું વાતો કરી? એમ દરરોજ રાત્રે વિચારશો તો ધીરે ધીરે ક્ષણેક્ષણની જાગૃતિ જીવનમાં આવશે.

જ્યાં જ્યાં ભૂલો થાય છે ત્યાં ત્યાં સુધારવાનો સંકલ્પ કરો. વિચારો કે આજે તો હું જાગ્રત રહીશ જ.

પ્રશ્નનો ઉત્તર પૂરો થયો ત્યાં તો પૂ. શ્રીની નજર બહાર પડી જેથી પૂ. શ્રીએ બહાર ત્રણેક ભાઇઓ હતા તેમને અંદર જગ્યા કરીને બેસાડયા.

અને વળી આજે દરરોજની જેમ શ્રી સુતરીયા પણ આવીને બેઠા છે. એટલે પૂ. શ્રી આજે તેને દોહા સંભળાવવાનું કહે છે. જેથી તે સર્વેશ્વરી અને યોગેશ્વરજી પર બનાવેલી થોડી પંક્તિઓ સુંદર રાગમાં નીચે મુજબ ગાય છે :

(૧) નયનોમાં સ્નેહભરી, મંગલમય ધ્યાન ધરી
મન પર તું શાંતિ કરી, હૃદય ઉલ્લાસ ભરી
પ્રેમમાં પરમેશ્વરી, જગમાં જગદીશ્વરી,
અતિ આનંદકારી, મા તું સર્વેશ્વરી... (૨)

(૨) કૃપા વરસાવનારી, આનંદ બહુ આપનારી
ભક્તોને રક્ષવાવાળી, છે મા તું મમતાભરી
અતિ મંગલકારી, દુ:ખોને કાપનારી,
વંદન કરું વારી વારી, દર્શન દે તું દુલારી
અતિ આનંદકારી, મા તું સર્વેશ્વરી... (૨)

સૌ ખૂબ પ્રેમ ને શાંતિથી સાંભળે છે. શ્રી સુતરિયા ગુરુદેવની અને સર્વેશ્વરીની જય પણ બોલાવે છે. ત્યારબાદ ફરી કોઇ પ્રશ્ન હોય તો પૂછો એમ પૂ. શ્રી કહે છે, એટલે શ્રી રાજેન્દ્ર પુરોહિત એક પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** આપ અલખની મસ્તી છોડીને બાળ ભાવમાં કેમ રહો છો?

**પૂ. શ્રી :** અલખની મસ્તી મેં છોડી જ નથી.

ભાગવતમાં શુકદેવજી લખે છે બ્રહ્મભાવવાળા બાળભાવમાં જ રહેતા હોય છે. પરમહંસો ને પરમાત્માના કૃપાપાત્ર ભક્તો, બાળકોની જેમ જ રહેતા હોય છે. એટલે કે બાળક જેવા સરળ, નિર્મળ જ રહે છે. કોઇકવાર તેઓ કઠોર પણ લાગે, તેઓ જુદા



જુદા સ્વરૂપે રહેતા હોય છે. ભાગવતમાં શુકદેવજી પણ બાળરૂપે જ રહેતા અને દત્તાત્રેય પણ તે સ્વરૂપે જ રહેતા. બ્રહ્મભાવમાં જ કાયમ રહો તો વ્યવહાર કેવી રીતે થઇ શકે? બોલવાનો, લખવાનો, ખાવાનો રહેવાનો, ચાલવાનો.

ત્યાં સર્વેશ્વરી એક પ્રશ્ન કરે છે :

**પ્રશ્ન :** ઘણી જગ્યાએ એવું વાંચીએ છીએ કે સિદ્ધ મહાત્મા હોય તે ગાળો બોલે, પત્થરો મારે—તો એ યોગ્ય છે?

**પૂ. શ્રી :** જગતના માણસોની પજવણીથી બચતા રહેવા સાચા મહાત્મા કોઇકવાર એવું કરતા હોય છે. પણ પછી બીજા તો એવી નકલ જ કરતા હશે.

નિત્યાનંદ બાબા હતા તે સટોડીયાઓથી કંટાળતા, એટલે લાકડી લેતા, કારણ કોઇ ભગવાનની વાતો પૂછવા આવતું નહીં પણ સંસારની વાતો જ પૂછવા આવે ત્યારે તેઓએ એવું કરવું પડતું.

પણ હું તો એવું માનું કે ભલે સિદ્ધ મહાત્મા હોય, પણ તેમણે બહારથી સાત્ત્વિક જ રહેવું જોઇએ. ત્યાં વળી મુંબઇથી આવેલા એક ભાઇ પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન :** આપણી સાધના સારી રીતે ચાલે છે કે કેમ તે શી રીતે જણાય?

**પૂ. શ્રી :** સાધના કરો છો તો લક્ષ્ય તો હશે જને? તો તમે તમારા લક્ષ્યસ્થાન પર ચાલતા હો તો પ્રભુ પ્રત્યેનો પ્રેમ વધે છે કે નહીં તે જોવું, પ્રભુદર્શનનું લક્ષ્ય હોય તો પ્રભુ પ્રત્યે વ્યાકુળતા વધી કે નહીં તે જોવું. જેમ જેમ લક્ષ્ય તરફ જશો તેમ તેમ

વિષયોમાંથી મન ઉપરામ થતું જશે. પ્રભુમાં અનુરાગ વધતો જશે. બૂરા વિચારો, બૂરા ભાવો, કામ, ક્રોધ, જેવી વૃત્તિઓ હળવી બનતી જશે. પણ જો આ બધી વૃત્તિઓ વિફરતી જાય તો સાધનાની દિશા સાચી નથી, એમ માનવું. દૈવીસંપત્તિ જ વધે પણ જો આસુરી વૃત્તિઓ વધે તો, દિશા સાચી નથી. વિષયો પરત્વેનાં આકર્ષણો ઘટે, લક્ષ્યપૂર્તિના પ્રયત્નો ચાલુ રહે, તો સાચી દિશા છે એમ માનવું.

તે જ ભાઈ પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન :** સાધનાના માર્ગદર્શક ગુરુ જો દૂર હોય તો અમે કેવી રીતે તેની સેવા કરી અમારા લક્ષ્યને પહોંચીએ?

**પૂ. શ્રી :** ગુરુ દૂર હોય તો પણ તમે સેવા કરી શકો છો.

દા. ત. ૧. સમય મળે ત્યારે ત્યારે અનુકૂળતાએ ગુરુ જ્યાં હોય ત્યાં જઈ દર્શનનો, સંનિધિનો લાભ લઈ શકો.

૨. તમારી પાસે જે કાંઈ હોય, તેનાથી આર્થિક રીતે પણ નિયમિત ગુરુને મદદ કરી સેવા કરી શકાય.

૩. તમારા ગુરુજી જે પ્રવૃત્તિ કરતા હોય, તેમાં બને તેટલું યોગદાન આપો.

૪. ગુરુના સાહિત્યને વાંચો ને તેને ફેલાવો. તે રીતે તેમની પ્રવૃત્તિમાં મદદરૂપ થાવ.

૫. ગુરુએ બતાવેલા સાધનભજનને શ્રદ્ધા ભક્તિથી જપો.

૬. ગુરુ ભલે દૂર હોય પણ તે સૂક્ષ્મ રીતે તમારી પાસે જ હોય છે. તમારી તાકાત હોય તો તેને સૂક્ષ્મ રીતે પણ મેળવી શકો, અનુભવી શકો.



૭. ગુરુ દૂર હોય તો પણ તમને સ્વપ્ન દ્વારા મદદ પહોંચાડે છે. ગુરુની તસ્વીર રાખો. ગુરુની તસ્વીર હૃદયમાં પણ ધારો.–ગુરુને પ્રાર્થના કરો તો તે તસ્વીર તમારે માટે ચમત્કારિક કાર્યો કરશે.

હજારો માઈલ દૂર હોય તોપણ તે મદદ કરે છે. અનુકૂળતાએ સ્થૂળ સમાગમ પણ કરવો તો તે તમારી સૂતેલી શક્તિને જગાડવામાં, વધારવામાં મદદરૂપ થાય છે.

એક ભાઈને વળી નવો જ પ્રશ્ન ઊઠે છે.

**પ્રશ્ન :** ગુરુ પૃથ્વી પર ન હોય, છતાં મદદ કરે?

**પૂ. શ્રી :** ગુરુ શરીરથી ભલે નથી, પણ આત્મારૂપે તો તેનું અસ્તિત્વ છેજને. તમારામાંની શ્રદ્ધાનું જેમ અસ્તિત્વ છે તો ગુરુનું પણ આત્મારૂપે અસ્તિત્વ છે. ગુરુનું શરીર દેખાતું નથી, શ્રદ્ધા હશે તો તમારામાં તો ગુરુ આત્મારૂપે છે જ. અને તમારી શ્રદ્ધાના બળે તે શરીર ધારીને પણ સ્થૂળ રીતે પ્રગટ થશે. અરે, સ્વપ્નમાં પણ પ્રગટ થશે.

પણ જો તમારામાં શ્રદ્ધા જ નથી તો ભગવાન એકવાર ગુરુ બનીને આવે તોપણ તમને લાભ નથી થવાનો, અને એક જ ગુરુમાં શ્રદ્ધા રાખવી ખૂબ અઘરી છે.

કોઈ વળી તમને એવા ભટકાય તો કહે, "મારા ગુરુજીનું કપાળ તારા ગુરુ કરતાં વધુ ચળકે છે. તો તમારી શ્રદ્ધા જો વધુ બળવાન હશે તો તમે કહેશો, ભલે મારા ગુરુનું કપાળ નથી ચળકતું, તો વાંધો નથી; પણ મારા ગુરુના વિચારો તો ચળકે જ છે.

આજકાલના ઘણા ઘણા ગુરુના સાઇનબોર્ડ વાંચવા મળે.

કોઇના દ્વારે વળી લખ્યું હશે : ડોક્ટરના પગથિયાં ચઢી થાક્યા છો તો આવો, ભસ્મથી રોગ મટાડી દઇશું; મળો.

તો બીજા દ્વારે લખેલું વાંચવા મળશે : લગ્નજીવન સુખી નથી, તો નિરાશ ન થાઓ. આવો, અહીં મળો.

તો વળી ત્રીજું જ બોર્ડ વાંચવા મળે. ધન વધારે મેળવવું હોય તો આવો, અહીં મળો.

આવા આવા બોર્ડ વાંચીને સાધક ભરમાઇ જાય. પણ સાચો હોય તો તે વિચારે કે, આ બધાં બોર્ડ ભલે વાંચીએ, પણ મારે આ બધા ગુરુઓની જરૂર નથી. તો તેની શ્રદ્ધા સાચી. કદાચ ગુરુ સાચા ન હોય તો પણ તમારી શ્રદ્ધા તેના પર પાકી હોય તો પણ બેડો પાર.

સમય તો પાણીના રેલાની માફક પસાર થઇ ગયો. આજે સુંદર ચર્ચા થઇ. કપૂરાથી આવેલાં બેનોને પણ એનો લાભ મળ્યો. સમય થતાં પ્રસાદ વહેંચાયો. સૌ પ્રણામ કરી વિદાય થયા.

આજે કપૂરાથી સાતેક બહેનો આવ્યાં હતાં, જેથી સર્વેશ્વરી તેમની સાથે થોડીવાર બેસવાનું વિચારે છે. પૂ. શ્રી કહે છે "જરૂર બેસો. કેટલા બધા દૂરથી તેઓ આવ્યાં છે. જરૂર બેસો."

અને તેથી સર્વેશ્વરી એકાદ કલાક તેઓની સાથે પસાર કરે છે. જેમાં સત્સંગની જ વાતો થાય છે. પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી બેનોને વિદાય કરી ડાયરી લેખન કરે છે. આજે સાડા પાંચ વાગ્યે ફરીથી માણભટ્ટનો કાર્યક્રમ છે, તેથી ત્યાં જવાનું બને છે. આજે રૂક્મિણી હરણનો પ્રસંગ કથાકાર કહે છે. ત્યારબાદ પૂ. શ્રીનું પ્રવચન શરૂ થયું. જેમાં હરણ શબ્દનો અર્થ ઉદ્ધાર થાય ને નારદજીના પાત્રને યોગ્ય ન્યાય આપવો જરૂરી છે તેમ જણાવે



છે. વળી સર્વેશ્વરીની પ્રાર્થનાનો પણ પ્રભુએ કેવો જવાબ આપ્યો, એ બધી વાતોનો સમાવેશ પણ આજના પ્રવચનમાં થાય છે.

પ્રવચન બાદ ઉતારા પર આવી હળવો નાસ્તો કરી પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી અધૂરી નોંધ પૂરી કરે છે.

આ નોંધપોથીનું લખાણ અતિશય વ્યવસ્થિત બને તે અંગે પૂ. શ્રી સૂચન કરે છે. જેથી આજની બધી જ વિગતોને આવરી લેવાનું બને છે. હરિઃ ૐ (ક્રમશઃ)


**સુખ માટે મનની શાંતિ જરૂરી**

ભૌતિક સંપત્તિ અને વૈભવી સુખ સગવડો ગમે તેટલાં હોય, તોપણ તે માનવને સાચું સુખ આપી શકતાં નથી. તેનાથી શરીરને એશઆરામ પ્રાપ્ત થાય, કિન્તુ મન તેમાંથી કાયમી શાંતિ અનુભવી શકતું નથી, અને મનની શાંતિ વગર સુખ કેવું?

યોગેશ્વરજી

**ઇલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઇલ એન્જીન મશીન તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી**

*** જયંતીલાલ મોહનલાલ દઢાણીયા ***

**ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,**

એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.

જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧ (ગુજરાત)

ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯

ફેક્ષ : ૦૨૬૩૫૩-૨૫૫૯

# સાર્થકતા

પિનાકીન ના. જાની

હે પ્રભુ, મારા જીવનની આ કેવી કરૂણતા છે કે તારી લીલાઓ નિહાળવા માટે તેં મને આંખો તો આપી છે, છતાં તને હું જોઇ શકતો નથી. હા, અલબત્ત, ઉગતા સૂર્યનાં કોમલ કિરણોને, તારાં બનાવેલાં રંગબેરંગી પુષ્પો, પક્ષીઓ, પશુઓ, ઝાડ–પાન અને માનવોને–આ તારી જ આપેલી આંખોવડે નિહાળી શકું છું. પરંતુ હું જેને શોધી રહ્યો છું, જેના અને જેવા દર્શન માટે તલસી રહ્યો છું. તે સ્વરૂપે તો તું મને ક્યાંય હજી નજરે પડતો નથી.

તારા એ સ્વરૂપને જોવા માટે હું જપ–તપ, સાધન–ભજન, અને આરાધનાના અવિરત પ્રયાસો કરતો રહું છું છતાં જાણું છું કે તારી કૃપા થાય તોજ તારાં એવાં દર્શન થઇ શકે. તારા દર્શન માટેનો તલસાટ મારા દિલમાં દિન–પ્રતિદિન વધતો જાય છે. એટલે મને આશા છે કે એક શુભ દિને તું મને જરૂર દર્શન દેશે.

હા, હું તને મારા કલ્પેલા સ્વરૂપે જોઇ શકતો નથી; પરંતુ તેનો અર્થ એવો થોડો જ છે કે તું નથી? અરે, તું તો બધે જ વ્યાપીને રહેલો છે. જેમ હવાને જોઇ શકાતી નથી, પરંતુ અનુભવી શકાય છે. તેમ તને હું ન જોઇ શકતો હોઉં પણ અનુભવી શકું છું અને તારો એ અનુભવ હું પળેપળ મારી આસપાસના આ જગતની વિવિધ વસ્તુઓ દ્વારા કરી રહ્યો છું. પણ મારો આ અનુભવ પૂરતો નથી. મારે તો તારાં સાકાર દર્શન કરવાં છે તને નરી આંખે નિહાળવો છે.



હે પ્રભુ, કેવા બડભાગી હશે એ લોકો જેણે તને પ્રત્યક્ષ નિહાળ્યો છે! નરી આંખે નિહાળ્યો છે! હું પણ મારા વિવિધ પ્રયત્નો દ્વારા તને નિહાળી ને બડભાગી બનવા માગું છું. નિરંતર પ્રયાસો કરું છું છતાં જાણું છું કે જ્યારે તારી કૃપા થશે ત્યારે જ એ શક્ય બનશે. પણ એટલું જરૂરથી તને કહેવા માગું છું કે હું પણ મારી જાતને એ બડભાગીઓની યાદીમાં સામેલ કરવા ઇચ્છું છું. તારી કૃપાદ્વારા જે ક્ષણે મને તારાં દર્શન થશે તે જ ક્ષણે તારી આપેલી આ બે આંખોની આજે જે કરૂણતા હું અનુભવી રહ્યો છું તે સાર્થકતામાં પલટાઇ જશે, ધન્યતામાં પરિવર્તિત થઇ જશે.


**પવિત્ર અને વાસનારહિત મન જ સ્થિર થાય**


એકાંતવાસથી શરીરને ચાર દિવાલો વચ્ચે પૂરી શકાય, પરંતુ મનને તો ચૂના માટીની દિવાલો કેવી રીતે બાંધી શકવાની? એટલે મનને સ્થિર કરવું હોય તો તેને પવિત્ર અને વાસના રહિત કરવું જોઇએ. યોગેશ્વરજી

ઓ. : ૨૩૫૯૮ ફે. : ૮૨૪૩૭
૩૪૦૧૬ ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨







વિણેલું

# પરમાત્મા ક્યાં વસે છે?

કાંતિલાલ કાલાણી

મનુષ્યને જે મળ્યું છે તેનો આદર કરતાં તેણે શીખવું જોઇએ; એના પ્રત્યે પૂજ્યભાવ કેળવતાં શીખવું જોઇએ; જીવનની અંદર કે જીવન સમક્ષ બનતી ઘટનાઓને કે ક્ષણોને એમ ને એમ પસાર થઇ જવા દેવાને બદલે એવી રીતે પકડી લેવી જોઇએ કે એનાથી સમગ્ર જીવન સાર્થક થઇ જાય.

વિયોગી હરિ સંપાદિત 'સંત–સુધા–સાર'માં સંત વાજિદના જીવનમાં બનેલી એક અપૂર્વ ઘટનાનો ઉલ્લેખ છે. તેઓ પઠાણ જાતિના હતા. અને સ્વામી–દાદૂ દયાલનું મિલન નહોતું થયું ત્યાં સુધી ઈસ્લામ ધર્મ પાળતા હતા.

તેઓ શિકારના શોખીન હતા. એ જમાનામાં શિકાર માટે ધનુષ્ય–બાણનો ઉપયોગ થતો. શિકાર અર્થે તેઓ આસપાસના કોઇક વનમાં ગયા હશે. ત્યાં તેમણે એક હરણને દોડતું–કૂદતું જોયું. તરત ધનુષ્ય પર બાણ ચડાવી પણછ ખેંચી અને જ્યાં તીર છોડવાની તૈયારી કરે છે ત્યાં એમનો જમણો હાથ એકદમ ઢીલો પડી ગયો. તીર છૂટયું જ નહીં. પણછ જ ઢીલી પડી ગઇ. હાથ થંભી ગયો; હૃદયે કારમી વ્યથા અનુભવી.

ઊછળતા–કૂદતા જીવનને એમણે જોયું અને હરણને મારવા-નો ભાવ નષ્ટ થઇ ગયો. તેમને વિચાર આવ્યો હશે: અહોહો, જીવનથી આટલું ધબકતું હરણ થોડી ક્ષણોમાં નષ્ટ થઇ જશે!

ઘનઘોર આકાશમાં વીજળી ઝબકે અને અંધકારમાં તેજનો લિસોટો ફરી વળે તેમ એમના જીવનમાં પ્રકાશ વ્યાપી ગયો: જીવન નષ્ટ કરવા માટે નથી, આદર કરવા માટે છે, પૂજવા માટે છે. એમાં પરમાત્માનો વાસ છે, જીવન એ પરમાત્માનું આવિષ્કરણ છે, એવું એકાએક એમને ભાન થઇ આવ્યું. એમના હૃદયમાં કરુણાનું ઝરણું ફૂટયું. તેમણે તીર–ધનુષ્ય બધું તોડીને ફેંકી દીધું.

શિકાર કરવા નીકળેલો આ પઠાણ કહે છે કે ઘરે પાછો ન ફર્યો. એના ચિત્તપ્રદેશમાં વૈરાગ્ય છવાઇ ગયો. પોતે અત્યાર સુધી અંધકારમાં અથડાઇ જીવનને નષ્ટ કરતા રહ્યા એની એમના હૃદયમાં એટલી કારમી ચોટ લાગી કે હવે જીવન પરિપૂર્ણતા ન પામે ત્યાં સુધી જંપ ન વળે એવી એમની સ્થિતિ થઇ ગઇ.

તેઓ એટલા બધા વ્યાકુળ થઇ ગયા કે મૃત્યુને બદલે જીવનની શોધમાં નીકળી પડયા. શોધ કરતાં કરતાં છેવટે તેઓ દાદૂ દયાલ પાસે પહોંચી ગયા. શિકારીનું સંતમાં રૂપાંતર થઇ ગયું!

ભગવાન બુદ્ધે પૂર્વાવસ્થામાં એક વૃદ્ધ, એક બીમાર અને એક મૃત્યુ પામેલો એમ ત્રણ માણસો જોયા અને એમના જીવનમાં અપૂર્વ ક્રાંતિનું આગમન થયું. ત્રણ ઋતુમાં ત્રણ જુદા જુદા મહેલમાં રંગેચંગે રહેતા આ અસાધારણ માનવીએ ક્ષણ વારમાં આ બધાંનો ત્યાગ કરવાનો સંકલ્પ કરી લીધો અને પરમ જ્ઞાનની પ્રાપ્તિ ન થઇ ત્યાં સુધી પાછું વાળીને ન જોયું. ફળ ખરવાનું હોય અને કોઇ તેને સહેજ સ્પર્શ કરે અને ફળ વૃક્ષને ત્યજી દે તેમ સિદ્ધાર્થ ગૌતમે વૈભવશાળી જીવનનો ત્યાગ કરી ભિક્ષુનો વેશ ગ્રહણ કરી લીધો.



જીવનના ઊઘાડની પળ આવી પહોંચી હોય તો અનંત કાળની એક નાનકડી ક્ષણ પણ મનુષ્યનું વિરાટ સાથે અનુસંધાન કરાવી દે છે. ત્યાં મનુષ્યનું પૂર્વજીવન સમાપ્ત થઇ જાય છે અને એની રાખમાંથી નવા જીવનનો ઉદય થાય છે.

આપણે હરણને ઊછળતાં–કૂદતાં જોયાં છે, વૃદ્ધ, રોગી અને મરણ પામતા માણસો જોયા છે. માનવસંહાર થતો જોયો છે, આકાશમાં ઘનઘોર વાદળાં અને શ્વેત પંખીઓની અદ્‌ભુત પંક્તિઓ જોઇ છે, સાક્ષાત હિમાલય જોયો છે. થોડી વાર આ બધાંની અસર રહે છે. વળી પાછાં વ્યવહારમાં ગૂંથાઇ જઇએ છીએ. પછી સાચું જીવન ક્યાંથી પાંગરે? જીવનમાં નવનિર્માણ ક્યાંથી થાય? સકલ વિશ્વમાં પરમાત્મા સત્તારૂપે, જડચેતનરૂપે ધર્મરૂપે પ્રવર્તી રહ્યા છે એનું ભાન ક્યાંથી થાય?

દરેક મનુષ્યના જીવનમાં ક્યારેક ને ક્યારેક એવી ઘટના બનતી હોય છે અથવા એવી ક્ષણ આવતી હોય છે, જેને એ પૂર્ણપણે જાગ્રત રહી પકડી લે તો એ મંગલલોકનો યાત્રી બની જાય. પણ આપણે અભાન હોઇએ છીએ, બેદરકાર હોઇએ છીએ, જ્યાં આંખો ખુલ્લી રાખવી જોઇએ ત્યાં બંધ કરી દઇએ છીએ અને જ્યાં દૃષ્ટિ કરવા જેવી ન હોય ત્યાં આપણે ટીકી–ટીકીને જોઇએ છીએ.

પરમાત્માને આપણામાં અવતરણ કરવું છે. આત્મા હોય ત્યાં પરમાત્માને અભિવ્યક્ત થવાની ઉત્કટતા રહે જ, પણ આપણી ઉત્કટતા નથી તેનું શું? વાજિદની જેમ ધનુષ્ય–બાણ તોડી નાંખી તત્ત્વની ખોજમાં નીકળી જવાની આપણી તૈયારી છે? એમને જે ક્ષણે પરમાત્માની ચેતનાની અનુભૂતિ થઇ તે ક્ષણને એમણે

ચસોચસ પકડી લીધી. એ ક્ષણને પકડીને જ તેઓ ચાલ્યા તો અંતે તેમને સમર્થ સંત દાદૂ દયાલનો ભેટો થયો, બુદ્ધિને પરમ જ્ઞાનની પ્રાપ્તિ થઇ, સમ્રાટ અશોક દેવોનો પ્રિય બની ગયો, શ્રીરામકૃષ્ણ પરમહંસની સ્થિતિએ પહોંચી ગયા.

અહીં જે કાંઇ છે તે બધું પરમાત્મમય છે; પરમાત્માની જ વિવિધ અભિવ્યક્તિઓ અહીં સર્વત્ર જોવા મળે છે, પણ ગાંધારીની જેમ આપણે જાતે જ આંખો પર પાટા બાંધી દીધા છે. પછી જીવનની ગરિમા ક્યાંથી સમજાય? આ જીવન વિરાટ જીવનનો જ એક અંશ છે, ચેતનાની ભઠ્ઠીમાં ઊઠેલો એક તણખો છે, એવી પ્રતીતિ ક્યાંથી થાય?

(સૌજન્ય : સમકાલીન)

### ઈશ્વરથી વિમુખતા—એજ વિપત્તિ

કેટલાક જ્ઞાની પુરુષો કષ્ટ અને વિપત્તિને વિપત્તિ ગણતા નથી. પરંતુ તેમને મન, ધર્મ અને નીતિની મર્યાદાથી ભ્રષ્ટ થવાય ને ઈશ્વરથી વિમુખ બનાય તે જ મોટી વિપત્તિ છે. – યોગેશ્વરજી

* પરફેક્ટ એન્ટરપ્રાઇઝ *
મરચન્ટ, એક્સપાર્ટ્સ, ઇમ્પોર્ટર્સ
એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ
૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર
રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪



# પૂ. માની એ પુણ્યપ્રદ મધુર સ્મૃતિઓ

નારાયણ હ. જાની

પૂ. મા પરદેશની યાત્રાએ જવાનાં છે, તેની તારીખ નિશ્ચિત થઇ ગયા પછી થયું, આપણે તેઓને મુંબઇ વિદાય આપવા જઇએ.

તા. ૩૦–૯–૮૯ ના રોજ તો પૂ. માએ બોલાવેલ એટલે અંબાજી ગયેલા. પૂ. માનો એક એવો ભાવ કે અમે વિદેશની યાત્રાએ જઇએ તે પહેલાં આ છોકરાંઓને મળી લઇએ.

તા. ૨–૧૦–૮૯ ના રોજ બડોલીથી છૂટા પડતાં પૂ. માએ કહ્યું, "બીજાઓને તો અમને મુંબઇ વિદાય આવવા ના પાડી છે, પણ તમે તો આવશોને?" પૂ. મા આ શબ્દો એટલા બધા ભાવથી બોલ્યાં કે અમારા હૃદયને અસર કરી ગયા. એથી મારાં પત્ની કહે, "આપણે મુંબઇ જવું જોઇએ. થોડી તકલીફ પડે તો પણ જવું જોઇએ." અમને પણ એમની એ વાત ગમી.

પૂ. મા તા. ૧૩ ઓક્ટોબરે જવાનાં છે એવો ખ્યાલ હતો. પાછળથી ખબર પડી કે તે દિવસ તા. ૧૩ નહિ, પણ તા. ૧૪ ઓક્ટોબર છે.

એથી મારા પુત્ર અજયને કહ્યું, "અમારી તા. ૧૦/૧૦ ની બસની આગળની સીટની મુંબઇની બે ટિકિટો લાવી દે; પરંતુ એ છોકરો વિચિત્ર નીકળ્યો. તેણે અને તેની પત્નીએ મળીને નક્કી કરેલું," કાકા. જીજીને (મને અને મારાં પત્નીને) બસમાં નહિ, પણ વિમાનમાં જ મોકલવાં. એટલે એમને તકલીફ ન પડે.

પ્રવાસની હાડમારીના થાકમાંથી બચે.

એ રીતે એ બે ટિકિટ વિમાનની લઇ આવ્યો. જ્યારે અમને વાત કરી ત્યારે અમને નવાઇ લાગી. કહ્યું, "આટલા બધા પૈસા શું કામ ખર્ચ્યા? એક રાતનો જ સવાલ હતો. સુખેદુઃખે પહોંચી જવાત."

એણે કહ્યું, "તમે પૈસાની ચિંતા ન કરો. તમારી બંનેની તબીયતની જાળવણી એ મુખ્ય છે. માંદગી આવે તો કેટલા બધા પૈસા ખરચાઇ જાય?"

એની વાત સાચી હતી. એટલે અમે ચૂપ રહ્યા. મનમાં એમની લાગણીભરી કાળજી બદલ આનંદ થયો. બહુ ઓછા માબાપોના ભાગ્યમાં આવાં પ્રેમાળ સંતાનો હોય છે. એ પૂ. ગુરુદેવ અને પૂ. માની કૃપાજ.

મુંબઇ આવ્યા પછી ખબર પડી કે પૂ. મા તો હજી અહીં આવ્યાં નથી. એક દિવસ પછી આવવાનાં છે.

બીજા દિવસે જાણ થઇ કે પૂ. મા તો રેલ્વેને બદલે વડોદરાથી મુંબઇ પ્લેનમાં આવવાનાં છે. વિમાન રાત્રે નવ વાગે આવે. હું, મારાં પત્ની અને મારી પુત્રી પૂ. માને લેવા વિમાનઘર પર ગયાં. મારા જમાઇ અને મારા બીજા પુત્ર પિનાકીનનો પરિવાર સીધો આવવાનો હતો.

વડોદરાથી શ્રી જીતુભાઇએ સૂચના આપેલી. "ઘણા માણસો લેવા ના આવતા: એકાદ જણ જ આવજો."

પૂ. મા સાથે અમેરિકાથી આવેલ સરોજબેન હતાં.

અમારા જમાઇએ વિચાર્યું. ટિકિટ લઇને વિમાનઘરમાં અંદર જવું જોઇએ. પૂ. મા સાથે સામાન હશે. મદદ માટે માણસની



જરૂર પડે. આ બાબતમાં અમે તો બહુ મદદરૂપ થઇ શકીએ એમ ન હતા. કારણ બહુ ભારે વજન અમારાથી ન ઉંચકાય. અમારો સ્વાર્થ તો એટલો જ હતો કે પૂ. માનાં દર્શન થઇ જાય. એ પ્રેમાળ મુખમંડળનું ફક્ત દર્શન જ અમારે માટે પર્યાપ્ત હતું. ભાવ વગર દર્શનનો મહિમા કે આનંદ ન સમજાય.

પિનાકીનભાઇનાં બે સંતાનો–બેબી હીરલ અને જાગ્રત મારી દીકરી અને નીલાબેન સાથે ટિકિટ લઇ અંદર ગયાં. વિમાન મોડું હતું. ૮.૫૦ ના નિરધારિત સમયને બદલે તે છેક ૧૦.૧૦ મિનિટે આવ્યું. લગભગ સવા કલાક મોડું હતું. પૂ. માને પણ વડોદરાના વિમાનઘર ઉપર ખાસ્સું બે કલાક ખોટી થવું પડયું. તેથી તેઓ થાકી જાય એ સ્વાભાવિક હતું. મુસાફરી કરતાં રાહ જોવાનો થાક ઘણીવાર વધુ લાગે. પૂ. માને પણ એવું થયું. બે હજાર–ને એકત્રીસ દિવસના એકધારા ઉપવાસ એટલે શરીરની અશક્તિ. સરખુ બેસવાનું ન હોય તો શરીર ને બરડો દુખી જાય.

મારી દીકરીએ જુઇના ફૂલના બે નાના સુવાસિત હાર પૂ. મા–પ્રભુ માટે લીધેલા. તે તેણે પૂ. માના ગળામાં અને પૂ. મહાત્માજીના સ્વરૂપને પહેરાવ્યા. પૂ. માએ તે લઇને બંને બાળકોને પહેરાવી દીધા. બાળકો ખુશ થઇ ગયાં. દોડતાં સહુની આગળ આવી ગયાં. તેમના ગળામાં હાર જોઇ મેં પૂછયું, "પૂ. મહાત્માજી ને પૂ. માને પહેરાવવાના હાર તમે ક્યાં પહેરી લીધા?" મારો ધમકાવતો અવાજ સાંભળી મારો પૌત્ર રડમસ ચહેરે બોલ્યો, "દાદા, અમે નથી પહેરી લીધા. માએ અમને પહેરાવ્યા છે." ઓહ! એમ છે? તમે અંદર ગયાં તો તમને કેવો સારો લાભ મળ્યો!" અમારા એ શબ્દો સાંભળતાં જ તેઓ બંને હસી પડયાં. મુખ પરની ગ્લાનિ ક્યાંય દૂર થઇ ગઇ!

પૂ. માને વિમાનઘરમાંથી દૂરથી આવતાં અમે જોયાં. તેઓએ અમને જોયાં. બંનેની આંખો મળી ને પ્રસન્નતા ઊભરાઈ આવી. પૂ. માના ચરણોમાં વંદન કર્યા 'તો કહે, તમે આવ્યા છો એ તો અમને કોઈએ કહ્યું નહિ. સારૂં થયું આવ્યા તે. નહિ તો વિચારેલું કાલે ફોન કરી બોલાવી લઈશ.' પૂ. માનો આ શબ્દોમાં વ્યક્ત થતો ભાવ જ અમને ભીંજવી નાંખવા પૂરતો હતો. અમારૂં આવવું સફળ ઠર્યું.

પૂ. મા ખૂબ થાકેલાં લાગ્યાં. પગથિયું પણ માણ ચઢી શક્યાં. મોટરમાં બેસતાં જ આડાં પડી ગયાં. પૂ. માનું મનોબળ જ જબરૂં. નહિ તો આવી સ્થિતિમાં પ્રવાસ કરવાની કોઈ હિંમત જ ન કરે.

મોટર સ્ટાર્ટ થાય તે પહેલાં બોલ્યાં, 'કાલે સવારે ઈંગ્લેન્ડના વીઝા લેવા જવાનું છે. જોઈએ જવાય છે કે કેમ?–કાલે મળીશું.'

મુંબઈમાં ભક્તોને ખાસ નહિ મળવા પૂ. માએ વિચારેલું. એટલે જાહેર કાર્યક્રમ રાખ્યો જ નથી. પરંતુ બીજા દિવસે પૂ. માનાં દર્શન થશે એ જાણી અમને આનંદ થયો.

જમ્યા પછી બપોરનો આરામ કરી અમે ઊઠયા. મારાં સાળી–રમા અમને મળવા આવેલાં. તેમની સાથે અમે પરસ્પર કુશળ સમાચાર પૂછી રહ્યા હતા, ત્યાં પૂ. માનો ટેલિફોન ઉપર સંદેશો આવ્યો, "તમે ત્રણ જણાં (હું, મારાં પત્ની અને પુત્રી) જલ્દી આવો. પૂ. મા ચારથી સાડાચાર જ મળવાનાં છે."

તે વખતે ઘડિયાળમાં ચાર વાગી ગયા હતા. ઝડપથી રીક્ષામાં પૂ. માના ઉતારે પહોંચ્યા તો બારડોલીથી અઘાસી માતાજીના સ્થાનના સ્થાપક પૂ. શ્રી દવે બાપુ એમનાં ધર્મપત્ની સાથે આવીને બેઠેલા. પૂ. માનો દરવાજો હજી બંધ હતો.



થોડીવારે પૂ. માએ એમના ઓરડામાં બોલાવ્યા. પૂ. મા–પ્રભુને વંદન કરી અમે સામે બેઠા. પૂ. મા હજી શ્રમિત લાગતાં હતાં. પરંતુ સ્વસ્થ થઈને બેઠાં હતાં. પૂ. દવે બાપુએ પૂ. માને માથે ચૂંદડી ઓઢાડી. હાર પહેરાવ્યો. પૂ. ગુરુદેવને પણ ફુલની માળા પહેરાવી પ્રણામ કર્યાં.

શ્રી દવે બાપુ છેક બારડોલીથી તેમનાં પત્ની સાથે પૂ. માનાં દર્શન–વંદન ને લાભ પાંચમે અઘાસી માતા (બારડોલી)થી શ્રી નાથદ્વારા (રાજસ્થાન) પદયાત્રામાં જવાના છે. તે માટે આશીર્વાદ લેવા આવ્યા છે. તેમની ભાવના હતી કે પૂ. મા આ વખતની પદયાત્રા પ્રસંગે પ્રારંભમાં ને અન્તમાં ઉપસ્થિત રહે. પણ હવે શક્ય નથી. પરંતુ ભગવાનના કામમાં પૂ. માના આશીર્વાદ હોય જ. પૂ. મા મનમાં કંઈ વિચાર કરતાં લાગે છે. પછી પૂછે છે. પદયાત્રામાં રથ હોય? શ્રી દવે બાપુ આ રથ કેવો હોય તેનું વર્ણન કરી બતાવે છે. તેમનાં પત્ની કહે છે "આ રથને માથા ઉપર ધારણ કરી પદયાત્રા કરવામાં આવે છે."

એટલે પૂ. મા આજુબાજુ નજર દોડાવે છે. એમને એમ થાય છે. આ છોકરો છેક બારડોલીથી આવ્યો છે. એને એવું કંઈ આપું જેથી છોકરો રાજી થઈ જાય. ત્યાં અચાનક એમની નજર પૂ. શ્રીની મોટી પ્રતિકૃતિ ઉપર શોભતા સરસ સોનેરી હાર ઉપર પડે છે. એટલે પૂછે છે "આ હાર અમે આપીએ પણ તે મોટો નહિ પડે?"

પ્લાસ્ટીક સોનેરી જરીનો આ મોટો હાર ખરે જ સુંદર છે. કિંમતી પણ હશે. પરંતુ પૂ. માને મન સાધકના ભક્તિભાવ કરતાં કશું વધારે કિમતી નથી. તેઓએ કહ્યું, 'ના, મા, આથી પૂ. માએ

તેના ઉપર કંકુથી લખીને શ્રી દવે બાપુને તે આપી દીધો. લેનાર અને દેનાર બંનેના મુખ ઉપર અજબની પ્રસન્નતા લીપાઇ ગઇ હતી. એમની આંખો એની સાક્ષી પૂરતી હતી.

તે પહેલાં પૂ. મા આજે પૂ. ગુરુદેવ પ્રભુએ વીઝા મેળવી આપવામાં કેવી કૃપા કરી તેની વાત કરી.

"ગઇ કાલનો શ્રમ હતો એટલે ઘણી ઇચ્છા છતાં વહેલાં ઊઠી પરવારી શકાયું નહિ. પરવારીને મોટરમાં બોરીવલીથી છેક ફ્લોરા ફાઉન્ટેન પહોંચવાનું હતું. એટલે પરવારીને ત્યાં પહોંચ્યાં તો ઘણી મોટી લાઇન. અમારો નંબર ૧૦૮ આપ્યો. પ્રભુના નામના જપનો મેરનો આંક અહીં પણ પ્રભુએ મેળવી આપ્યો.

પૂ. મા સાથે શ્રી મધુભાઇ ભટ્ટ ને શ્રી સરોજબેન હતાં. પ્રવેશના કાઉન્ટર પરની બેનને પૂ. માના ઉપવાસોની વાત કરી. તેઓ વધુ બેસી શકે તેમ નથી, તે પણ કહ્યું. તે સમભાવી હતી. પરિણામે ત્યારે જે ૪૮ મો નંબર ચાલતો હતો તે પછી સીધો પૂ. માનો ૧૦૮ નંબર લઇ લીધો. પૂ. ગુરુદેવે ગજબની કૃપા કરી. જ્યાં કોઇ સંસારીઓની લાગવગ ન ચાલે, ત્યાં ગુરુદેવ પ્રભુની તો ચાલે જ. સૂક્ષ્મ રીતે ક્યારે કોના મનને કેમ ફેરવવું તે બધું જાણે.

પૃચ્છા કરનાર અધિકારીએ પૂ. માને ઘણા પ્રશ્નો પૂછયા, "તમારી આવક કેટલી? તમે ઇન્કમટેક્ષ ભરો છો કે કેમ? પરદેશ શા માટે જાઓ છો? ત્યાં કોઇ આશ્રમ કે એવું બનાવવાનો ઉદ્દેશ છે કે કેમ? કંઇ ફંડ ઉઘરાવવા જાઓ છો?"

પરંતુ પૂ. માએ તેના જે જવાબ આપ્યા તેનાથી પૃચ્છા કરનાર અધિકારીને સંતોષ થયો. તેને પ્રતીતિ થઇ ગઇ કે પૂ.



માએ આપેલા જવાબોમાં સચ્ચાઇ છે. તેણે રાજીખુશીથી પૂ. માને વીઝા આપ્યા, અને સફળ સફર ઇચ્છી.

વાત પૂરી થતાં શ્રી દવે બાપુ ઉઠયા ને પૂ. માને પ્રણામ કર્યા. તો પૂ. માએ પણ એ વૃદ્ધ વડીલના ચરણોમાં પડી આશીર્વાદ માગ્યા. પૂ. માના આ નમ્રતાતિનમ્ર વ્યવહારે શ્રી દવે બાપુને ભાવવિભોર કરી દીધા.

તે પછી તેઓ કહે, "હે મા, અમે આપના વતી શ્રીનાથજી બાવાને વંદન કરીશું." પૂ. માને શ્રીનાથજી સાથે જોડાતો આ બાવા શબ્દ ખૂંચ્યો. તેમણે તેમાં સુધારો કરતાં કહ્યું, "શ્રીનાથજી બાવા નહિ, શ્રીનાથજી ભગવાન કહો. એ ભલે બીજાઓ માટે બાવો રહ્યો. આપણે માટે એ ભગવાન છે. શ્રીયુમના મહારાણી પણ શું કરવા? શ્રીયુમના માતકી જે. એમ આપણે તો કહેવાનું. એ મહારાણી જેની હોય તેની ભલે રહી. આપણી તો એ મા છે. આપણી પોતાની મા—આપણા પિતાની પત્ની છે. તે આપણે જાણીએ છીએ. છતાં આપણે એ રીતે એમને કદી નથી બોલાવતા. 'મા' જ કહીએ છીએ. ખરું કે નહિ?" એ સાંભળી અમને આનંદ થયો.

દરેક પ્રસંગે જેમાં પ્રેમ, ભાવ ને શ્રદ્ધાનો રણકો ઉઠતો હોય, જેમાં પ્રભુના મહિમાનું યશોગાન હોય તેવા શબ્દ પ્રયોગો જ પૂ. માને ગમે.

પછી ઉમેર્યું "છેલ્લાં બે વર્ષોથી અમે શ્રીનાથજી ભગવાનના ભક્તોને આ વાત સમજાવીએ છીએ. અને જ્યારે કોઇ શ્રીનાથજી બાવા એવો શબ્દ ઉચ્ચારે કે અમે તરત જ તે ભૂલ સુધારીએ છીએ.

* * *

મારી પુત્રીની નાની પુત્રી છે. તેનું નામ પૂજા છે. તે નવ વર્ષની છે, પરંતુ તેનું શરીર ને કદ પાંચ છ વર્ષના બાળક જેટલું છે. તેને પૂ. મા પ્રત્યે ઘણો ભાવ. તે અમારી સાથે પૂ. માનાં દર્શને આવી. પૂ. મા પણ તેને ઘણાં લાડ કરે. તેણે પૂ. મા પાસે એક માગણી મૂકી. "મારે પૂ. માને એવું કંઇ આપવું છે, જે પૂ. મા કાયમ પોતાની સાથે રાખે." પૂ. મા પણ આ જાણી વિચારમાં પડયાં. છેવટે તેઓએ કહ્યું, "પૂજા તું રાખડી લઇ આવજે. અમે તે અમારા હાથે બાંધીશું. એટલે તે બધો વખત અમારી સાથે જ રહેશે. એને જોઇશું એટલે પૂજા યાદ આવશે." નાના જીવોને પણ કેવી ભાવના થતી હોય છે! કોઇ મોટા પ્રેમી સાધકનેય આવો વિચાર ન સૂઝે. એવું કંઇ એને સૂઝે છે અરે! ઉમ્મર સાથે એને થોડો સંબંધ છે! હૃદયમાં ભાવ તો પેલા ધ્રુવ કે પ્રહ્લાદની જેમ ગમે તેટલી વયના બાળકનેય થઇ આવે.

બીજા દિવસે પૂ. માએ પૂજાની આપેલ રાખડી યાદ કરીને બાંધી. પરસ્પરનો કેવો ભાવ!

આ પૂજા નાની, પણ તેનું મગજ ખૂબ ચાલે. માર્ચ ૧૯૮૯ માં અમે તેના ઘરે હતા. ત્યારે ૨૦ મી માર્ચે પૂ. મા ચાર દાદર ચઢીને એના ઘરે અમારી ખબર પૂછવા કોઇ પૂર્વ સૂચના આપ્યા વગર આવ્યાં. હું ને મારાં પત્ની તો દિગ્મૂઢ બની ઊભાં રહી ગયાં! પરંતુ પૂ. મા તો હસતાં હસતાં આવીને બેડરૂમના પલંગ ઉપર બેસી ગયાં. એ બેઠાં એટલે અમને થયું 'અરે, પલંગ ઉપર કોઇ બીજી સારી સ્વચ્છ ચાદર તો પાથરીએ.' ઝટ ઝટ મારી પુત્રીએ કબાટમાંથી એક નવી ચાદર ઘડી કરી પૂ. માના આસન તરીકે મૂકી દીધી.



પૂ. મા આમ અચાનક આવ્યાં એનો આનંદ અમારા દિલમાં સમાયો નહિ. મારાં પત્ની અને મારી આંખોમાંથી અશ્રુરૂપે એ ઊભરાઇ આવ્યો. સાથે સાથે એ દુ:ખ પણ થયું કે 'મા કેટલું કષ્ટ ઊઠાવીને આવ્યાં! તે વખતે અમે ભારે માંદગીમાંથી ઊઠયા હતા. એટલે પૂ. માને અમારા સ્વાસ્થ્યની ઘણી ચિન્તા રહેતી. એથી તેઓ ખૂબ કાળજી લેતાં.

પૂ. માને તે દિવસે વજ્રેશ્વરી જવાનું હતું. માર્ચની ત્રણ દિવસની શિબિર પછી લગભગ ૩૦૦ સાધકો લક્ઝરી બસ દ્વારા ત્યાં ગયા હતા.

અમારી આ નાની પૂજા તે દિવસે શાળાએ ગયેલી હતી. તે આવી ત્યારે તેને કહ્યું, "પૂજા, મા આપણા ઘરે આવ્યાં હતાં."

તે તુરત જ બોલી ઊઠી, "તો મને કેમ બોલાવી નહિ?"

"પણ અમને જ ક્યાં ખબર હતી કે પૂ. મા આજે આ રીતે આવશે?"

એ સાંભળી તે શાન્ત થઇ. પછી પૂછવા લાગી." અરે મમ્મી, પૂ. મા આવ્યાં તે ક્યાં બેઠાં હતાં?"

"અંદર પલંગ ઉપર"

"પણ તેં નવી ચાદર કે આસન પાથરેલું કે નહિ?"

"કેમ? તારે શું કામ છે?" તે બોલી, "મારાથી પૂ. માને તો પગે ન લગાયું. પરંતુ પૂ. મા બેઠેલાં તે ચાદરને તો હું આંખે અડાડી શકું ને?"

તેની આ વાત સાંભળી હું આશ્ચર્યમાં પડી ગયો. અરે! આ છોકરીનો કેવો ભાવ!

ફરી પાછાં પૂ. મા વિદેશ પધાર્યાં છે ત્યારે પહેલાંની એ પુણ્યપ્રદ સ્મૃતિઓ આજે આંખ સામે એવી જ ઊભરી આવે છે. એ દિવસો તો ચાલ્યા ગયા છે–પરંતુ તેની કેવી સરસ સ્મૃતિઓ જીવનમાં અંકિત કરી ગયા છે?

કહેવાય છે કે ઈશ્વરદર્શી સંત મહાત્માઓ કે ભગવાનની લીલાઓનું સ્મરણ કે ચિંતન પણ પુણ્યપ્રદાયક હોય છે. જેમ પ્રભુનું સ્મરણ માનવને તારવા કે મુક્ત કરવા સમર્થ છે, તેમ પ્રભુની કે સંતની લીલાઓનું સ્મરણ પણ એવું જ સામર્થ્ય ધરાવે છે. એટલે જ એ પૂ. માની ગેરહાજરીમાં અને અમારાં ધર્મ-પત્નીની હવેની અનુપસ્થિતિમાં–અમારે માટે અમારું સ્મરણધન બની રહ્યું છે. એ લીલાઓને જેટલા ભાવથી અમે યાદ કરીએ છીએ તેનાથી પણ વધારે ભાવે પૂ. મા–પ્રભુ અમારું સતત ધ્યાન રાખતાં હોવાનો અમે જીવંત અનુભવ કરીએ છીએ. ખરેખર સંતોની લીલા અનોખી છે, કોણ એનો પાર પામી શકે?


વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે
યોગશિબિરના આયોજન માટે
ડો. હિમાંશુ પાઠક
શ્રી હેમાની પાઠક
* યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર *
ડો. મનસુખલાલ ટાવર, અઠવાલાઈન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯ ઘર : ૬૮૫૨૮૩




## * કર *

(ગાન)

ચિંતા નહિ–વિચાર કર,
ભાવનાથી કામ કર,
જે થઇ ગયું તે થઇ ગયું,
જે વહી ગયું તે વહી ગયું,
ન જરી કલ્પાંત કર,
ઈશ કેરું નામ સ્મર!
હૃદય તું પવિત્ર કર.

શ્વાસ છે ત્યાં આશ છે,
ભૂખ છે ને પ્યાસ છે,
એ જગત ઇતિહાસ છે,
શક્તિ થકી તું કામ કર;
જે થઇ ગયું તે થઇ ગયું,
જે વહી ગયું તે વહી ગયું.

દિન પૂરો થયો ભલે,
સવારની સબૂર કર,
થાક ઊંઘ દરગુજર,
ભૂલી જઇને કર સફર,
ફૂલ શું સુગંધ ભર,
મળે ઝેર–જરા ન ડર,
મીઠડી કર જગસફર:
જે થઇ ગયું તે થઇ ગયું
જે વહી ગયું તે વહી ગયું.

જે લૂંટાયો, જે મર્યો,
જે હણાયો, જે ઠર્યો,
એ વિધિની વાત કર,
વ્યર્થ ન સવાલ કર,
સાર લઈ જોયા જ કર,
જે થઈ ગયું તે થઈ ગયું,
જે વહી ગયું તે વહી ગયું,

આ મંદિરો, આ મસ્જિદો,
આ દેવળો–શી વાત કર?
ભગવાનને પ્રશ્નો ન કર,
તું આદમીની શોધ કર,
'માનવ ક્યહીં હુંની ખોજ કર,
વહ્યા જળે અફસોસ ન કર,
જે થઈ ગયું તે થઈ ગયું,
જે વહી ગયું તે વહી ગયું.

ભાવિતણી તું પાળ કર,
'સોડ્હમ્' તણું તું ધ્યાન ધર,
દિવ્યતાનું પાન કર.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

O



## * ડગલે ડગલે *

ડગલે ડગલે હું ડગમગતો, તારો કર તું ધરતો;
ભીરૂતાને દૂર કરીને નૂતન શ્રદ્ધા ભરતો. ડગલે ડગલે૦

પગલે પગલે સંશય જાગે, પાય પુણ્યની વાતે;
છેદી સંશય–રાત, પરાત્પર! મૂકે દિવ્ય પ્રભાતે. પગલે પગલે૦

ડગલે ડગલે શ્રેયપ્રેયની કેડી આડીઅવળી!
રાજમાર્ગ રચી કેડીના, પ્રેરે યાત્રા સવળી. ડગલે ડગલે૦

પગલે પગલે કર્મ–અકર્મનાં લેખાં જોખાં જાગે!
ત્હારા અનુગ્રહે સબ સુતર, અંક બધાયે રાગે. પગલે પગલે૦

ડગલે ડગલે જય–પરાજય, હર્ષ-શોક-મહેરામણ!
અનંત લીલા ખેલે નટવર! સાયરનાં સરજે રણ. ડગલે ડગલે૦

પગલે પગલે શ્વાસે શ્વાસે, ક્ષર અક્ષરને શ્વસતો;
અનામ–અરૂપ હે અન્તર્યામી! સચરાચરમાં વસતો. પગલે પગલે૦

ડગલે ડગલે પગલે પગલે તવ અંતર ચરતો;
પલકે પલકે ભીતર મલકે, શોક–મોહ હરતો. પગલે ડગલે૦

— ડૉ. રણજિત પટેલ (અનામી)

## * માટીની કાયા–છોડ એની માયા *

એક મૂઠી માટીની કાયા,
ધૂળની ઢગલી,
રાખની ચપટી
તો ય ન છૂટતી એની માયા
એક મૂઠી માટીની કાયા.

આ કાયા એક કાચનો કૂંપો,
ગર્વ ન કર તું એનો જૂઠો,
આવા આવા કંઇક શીશાઓ
કટકે કટકા થઇ વેરાયા.

આ જીવન એક ઝગમગ દીવડો,
કોડિયું કાયા ને જ્યોત છે જીવડો,
કાળ–થપાટે દીપ બુઝાયો
ને કાળાં અંધારા છાયાં.

સમજ સમજ કંઇ ઓ રે મૂરખ મન!
છોડ પળોજણ પાગલ ન બન,
આતમને તું ઓળખ બાપુ,
છોડી દે કાયાની માયા.

— દિલહર સંઘવી



# ઈશ્વર સાન્નિધ્યની સાધના

શ્રીયશસ્વીભાઇ મ. મહેતા

## બ્રધર લોરેન્સ

**સંવાદ બીજો**:–સ્વાર્થના વિચારોનો ત્યાગ કર્યા પછી જ ભગવદ્–પ્રેમથી મારું જીવન સભર બનાવી શકાયું હતું. મારાં નાનાં મોટાં બધાં કર્મોનું એકમાત્ર ધ્યેય પ્રભુપ્રેમ જ બનાવવાનો મેં સંકલ્પ કર્યો. તે માટે અપનાવેલી પદ્ધતિથી મને સંતોષ હતો. જમીન ઉપર પડેલું એક નાનું તણખલું જમીન ઉપરથી ભગવદ્–પ્રેમ ખાતર ઉપાડું તો જ મને સંતોષ થતો. એ ક્ષુલ્લક ગણાતું કામ ઈશ્વર અને ઈશ્વરને જ ખાતર અને બીજું કંઇ તેનાં વરદાન ખાતર સુદ્ધાં ન થઇ જાય તે માટે સતત જાગ્રત રહું છું.

મને સૌ કોઇ ધિક્કારે તો સારું એવી વિચિત્ર માન્યતાથી હું પીડાતો હતો. આખી દુનિયાના લોકો મારી આ માન્યતામાંથી મને ચલિત કરી ન શકે તેવી તે પ્રબળ હતી. પોતાની જ સાથે આ દલીલ હું કરતો : "ભગવદ્પ્રેમ સિવાય ધર્મ સાધનામય જીવન નિરર્થક છે, એટલે માત્ર મારા પ્રભુ માટે જ મારું પ્રત્યેક કર્મ કરવા મારે મથવું જોઇએ. પછી ભલે મારું જે થવાનું હોય તે થાય. ભલે મને ગમે તેટલી પીડા થાય, દુઃખ થાય કે કદાચ સુખ પણ મળી જાય. મારે તેની કોઇ તમા નથી. એક જ વાત કે કેવળ ભગવદ્પ્રેમ માટે જ હું સદા કાર્ય કર્યા કરીશ. મરણપર્યંત મારામાં જેટલી શક્તિ છે તે બધીનો સદુપયોગ ભગવાનને પ્રેમ કરવા માટે જ કરીશ. ચાર વર્ષપર્યંત આવી મનોદશાથી હું પીડાતો રહ્યો હતો. તે દરમ્યાન મારી મનોયાતનાનો કોઇ પાર ન હતો.

આ સમય પસાર થઈ ગયા પછી મારું સમગ્ર જીવન એક મુક્તિ અને અસ્ખલિત આનંદમાં મેં પસાર કર્યું હતું. મારાં દુષ્કૃત્યો નિઃસંકોચ હું મારા પ્રભુની સમક્ષ રજૂ કરી દેતો. જુઓ મારા પ્રભુ, આ બધાં મારાં દુષ્કૃત્યો તમારી સમક્ષ ને આપણી બેની વચ્ચે રાખીને હું તમને કહું છું કે તમારી કૃપાને માટું હું લાયક નથી. મને સજા કરો. આમ છતાં પ્રભુએ મારી આ પ્રાર્થના સાંભળી ન હોય તે રીતે મારી ઉપર કૃપા વરસાવવાનું ચાલુ રાખતા.

પ્રભુની સાથે સતત સંવાદ, વાતચીત કરવાની ટેવ પાડવા માટે પ્રત્યેક કર્મને તેના સ્મરણ સાથે જ શરૂ કરવાની ને તે પૂરું થાય ત્યાં સુધી આ સ્મરણ ચાલુ રાખવા કઠિન તપશ્ચર્યા જરૂરી છે. એમ મારો અનુભવ છે. આમ કરવામાં પ્રથમ અવસ્થામાં મન કેમેય માનતું નથી. પછી તો વિના પ્રયત્ને અંતરમાં રહેલા પ્રભુ જ કૃપા વરસાવીને આ માનસિક ક્રિયા આપોઆપ ચાલુ થાય તેવી પ્રેરણા આપ્યા કરે છે.

આનંદમાં અગણિત દિવસો પસાર થઈ જાય પછી પીડા અને દુઃખ આપનારા દિવસો આવવા જોઈએ તેની હું રાહ જોતો. આ વખતે મનને બેચેન થવા ન દેતો. હું મનને કહેતો : શું સુખ કે દુઃખ આપણા ધારવા પ્રમાણે આવે છે? ના, એ તો પ્રભુના ઈશારા વિના આવ–જા કરી શકતાં નથી. જ્યારે તે આવશે ત્યારે તે દુઃખ સહન કરવાની ને સુખ પચાવવાની શક્તિ પ્રભુ આપી જ રહેશે.

પ્રભુની કૃપાથી કોઈ સત્કર્મ કરવાની તક મળતી કે પ્રસંગ આવતો ત્યારે હું પ્રભુને ઉદ્દેશીને કહેતો : "મારા પ્રભુ, આ સત્કર્મ સફળતાપૂર્વક પાર પાડવાનું મારું કોઈ ગજું નથી, સિવાય કે તમે



મને તે માટે પૂરતી શક્તિ આપો. આ પછી કોણ જાણે તે મારી ધારણા કરતાં વધુ સારી રીતે ને સંતોષ થાય તે રીતે સંપન્ન થઈ જતું એવો મારો અનુભવ છે.

એવું ય બનતું કે મારું કર્તવ્ય યોગ્ય રીતે ને સમયસર બજાવવામાં હું નિષ્ફળ નિવડતો. ત્યારે દીન બનીને મારી ભૂલ, મારો દોષ સ્વીકારી લેતાં પ્રભુને કહેતો : "ઓ મારા પ્રભુ, જો તમે મને તરછોડશો કે એકલો છૂટો મૂકી દેશો તો આવો દોષ કર્યા વિના મારાથી રહેવાશે નહિ, મને આ રીતે પડતાં જુઓ તો બેઠા બેઠા જોયા ન કરશો. હું મને ઝીલી નહિ લ્યો કે ટેકો નહિ આપો તો હું પડયા વિના રહેવાનો નથી." આ રીતે પ્રભુને અરજ કર્યા પછી મારું મન હળવું ને નિશ્ચિંત બની જતું ને પ્રભુ મને પડવા નહિ જ દે તેવી શ્રદ્ધાનો ઉદય થતો.

જીવનની ઘટમાળમાં સારા–નરસા બનાવો, પ્રસંગો આવે છે અને ડગલે પગલે આપણને આપણા પ્રભુની મદદ જોઈએ છે. આવા વખતે મહત્તમ સરલતાપૂર્વક, ખુલ્લા દિલે અને સ્પષ્ટ રીતે પ્રભુને આજીજી કરતાં જરાય અચકાવું ન જોઈએ. મારો સતત અનુભવ છે કે આવી મદદ આપવામાં મારા પ્રભુએ કદીય આનાકાની કરી નથી.

એક વાર સંસ્થા માટે બરગંડીથી આસવ (દારૂ)નો પુરવઠો ખરીદવાનું કામ મને સોંપવામાં આવ્યું. આ કામ મારા માટે અણગમતું હતું. એક તો આ કામ મારું ન હતું. બીજું, મારે એક પગ ઉપર જ આ કામ કરવાનું હતું. અને નાવમાં જતી વખતે ચડવા ઉતરવાનીય ઘણી તકલીફ હતી. આ કામ મારાથી બરાબર પાર પાડી શકાશે કે કેમ તેની મને ચિંતા હતી. શંકા પણ હતી.

પરંતુ હું કહેતો : "હે મારા પ્રભુ! આ કામ મારું નથી. તારું છે. એટલે નથી ગમતું તોય કરું છું." આ પછી જોયું કે કામકાજ એવી સારી રીતે સંપન્ન થઇ ગયું કે મને બહુ નવાઇ લાગી હતી.

એક વર્ષ પહેલાં આવા જ અણગમતા કામ માટે મને ઔવેર્ગમ મોકલવામાં આવ્યો હતો. એ કામ કેવી રીતે પૂરું થઇ શક્યું તેની મને કોઇ ગતાગમ નથી. પરંતુ બધું સમુંસૂધરું પાર પડી ગયું તેનું મને આજેય આશ્ચર્ય થાય છે.

એવી જ રીતે જે કામ માટે મને સ્વાભાવિક રીતે જ નફરત હતી તે રસોઇ કામ, પંદર પંદર વર્ષો સુધી, અથથી ઇંતિ સુધીનું, દરરોજ દિવસ ને રાત તે ઈશ્વરની સેવા જ છે, મારા પ્રભુનું પોતાનું કાર્ય છે એવું મનમાં ઠસાવી દેવા હું સફળ થયો હતો તેથી તેની કૃપા મારી ઉપર એવી વરસેલી કે એ કામ માટેની મારી નફરતનું, ઉત્સાહ અને આનંદમાં, રૂપાંતર થઇ ગયું હતું. મને તે બોજારૂપ લાગવાને બદલે હળવું–ફૂલ બની ગયું હતું.

અત્યારની ઘડીએ મને જે જગ્યા ને જવાબદારીનું કામ સોંપવામાં આવ્યું છે તે મને મનગમતું છે પરંતુ આ પહેલાંનું અણગમતું કામ મેં જે ત્વરાથી છોડી દીધું એ જ રીતે કોઇ પણ ક્ષણે છોડી દેવા હું તત્પર છું કેમ કે મનગમતા ને અણગમતા કોઇ પણ કામકાજમાં, નાનાં મોટાં કામ, પ્રભુપ્રેમ માટે જ કરતો હોવાથી તે પ્રભુપ્રેમમાં તરબોળ બની જતાં ને બંને વચ્ચેનો તફાવત તેમાં જ ઓગળી જતો હતો.

મને સોંપાયેલ ફરજો જ એટલી બધી હતી કે દરરોજ પ્રાર્થના માટેનો કોઇ એક નિશ્ચિત સમય ફાળવવાનું શક્ય ન હતું. મારા ઉપરી રજા આપે તેવા કોઇ પણ સમયને હું પ્રાર્થના માટેનો બનાવી દેતો. પરંતુ સામે ચાલીને પ્રાર્થના કરવા માટે નિશ્ચિત સમયે રજા આપવા મેં પોતે કદી આજીજી કરી નથી, કારણ કે, રોજીંદા કર્તવ્યોમાં નાનાં મોટાં બધાં કામ વખતે મારું મન મારા પ્રભુના નામ–રૂપ–ગુણમાં જ રમ્યા કરતું હતું.



"મનમાં વિચાર પ્રભુનો, હાથમાં કામ પ્રભુનું જ." એમ સમજીને જ જીવનની કે પ્રત્યેક દિવસની એકએક પળ પસાર કરવાની મારી ફરજ છે એમ સમજવા સતત મથતો રહેતો હોવાથી મને કોઇ માર્ગદર્શક માનવીની જરૂર જણાતી ન હતી. પ્રભુ જ મારા પથપ્રદર્શક ગુરુ હતા. મારા દોષો અંગે ભૂલચૂકો પ્રત્યે હું ભારે સંવેદનશીલ હતો. મારા પ્રભુ પાસે હું તે નિવેદિત કરી દેતો. હું અપરાધી છું, દોષિત છું તેમ સ્વીકાર કરતો. તે માટે સજા કરવા આજીજી કરતો. તે માફ કરી દેવા કદીય કહેતો નહિ. આ આત્મ–નિવેદન કર્યા પછી હું પુનઃ મારા પ્રભુપ્રેમ ને તેના ગુણગાન ગાવાની મારી ફરજ સંભાળી લેતો ને પ્રભુની સજાની રાહ જોતો. પરંતુ આશ્ચર્ય! પ્રભુ મને મારા દોષો માટે કેમ સજા કરતા નહિ તે મને સમજાતું ન હતું. મારા બધા ગુના પ્રભુપ્રેમને વધુ સુદૃઢ બનાવવાનું કામ કરતા હતા.

મારું મન અશાંત કે બેચેન બની જતું ત્યારે મારે શું કરવું તેની સલાહ સૂચના આપવા હું કદિય કોઇને કહેતો નહિ. પરંતુ શ્રદ્ધાના પ્રકાશમાં મારા પ્રભુ વિદ્યમાન છે એમ સમજીને મારી સૂઝબૂઝ પ્રમાણે બધાં કર્મો કરતો ને તે મારા પ્રભુના ચરણો-માં પુષ્પોની જેમ સમર્પિત કરી દેતો. ને પ્રાર્થના કરતો : ઓ મારા પ્રભુ! મારું પ્રત્યેક કર્મ તને જ રાજી રાખવા માટે હું કરું છું. બીજા કોઇને માટે નહિ. પછી મારું ભલે જે થવાનું હોય તે થતું.

નિરર્થક વિચારો મનને બગાડે છે; ઉપદ્રવની શરૂઆત જ ત્યાંથી થાય છે. આપણે જે કાર્ય કરતા હોઇએ તેમાં અથવા આપણી મુક્તિ–ઉપાસનામાં ને વિઘ્નરૂપ તથા અંતરાયરૂપ બનવા જેટલા તે ધૃષ્ટ બની જાય, તેમ ખ્યાલ આવતાં વેંત આપણે તેમને ફેંકી દેવા જોઇએ. અને તે આપણી ઉપર પુનઃ આક્રમણ ન કરે તે માટે પ્રભુ સાથેનો સંસર્ગ કરવા તરફ વળી જવું જોઇએ.

સાધનાના પ્રારંભમાં પ્રાર્થના કે ધ્યાન કરતી વખતે ચંચળ મન વ્યર્થ ચિંતા કે વિચારોમાં ભૂલું પડી જતું. ભટકતા વિચારોને દૂર કર્યા છે એમ લાગે ત્યાં ફરીવાર હું તેમાં તણાય જતો, લપસી પડતો. ભટકતા વિચારો સાથે મન તણાયં ન જાય તે માટે આ વિચારોથી મનને અલગ પાડવા હું ધ્યાન કરતો. પ્રભુના નામના જપથી ધ્યાનની શરૂઆત કરી તેનો ગુણ ને લીલાનું ચિંતન કરતાં મન તેની મધુરતામાં એવું લીન થઇ જતું કે મન તેમાં સ્થિર થઇ જતું.

શરીરને કષ્ટદાયક એવાં વ્રત વરતોલાં અને તપશ્ચર્યા બહુ ઉપયોગી થતાં નથી. તેનાથી ઈશ્વરની નજીક જઇ શકાતું નથી. તે ક્યારેક પ્રભુપ્રેમ તરફ અભિમુખ કરે તો ઠીક બાકી પ્રભુપ્રેમ સ્વયં સાધન ને સાધ્ય તરીકે સાધકને મદદરૂપ થાય છે. બધા વિચારો, બધી વાણી ને બધાં કર્મો પ્રભુને સમર્પણ કરી શકાય તેવાં શુદ્ધ ને પવિત્ર બનાવવા તરફ જ વિશેષ લક્ષ આપવું અનિવાર્ય છે.

આપણે બુદ્ધિસંગત અને હૃદયસંગત કાર્યો વચ્ચેનો તફાવત સમજવો ઘટે, બુદ્ધિસંગત કાર્યો અલ્પ–મૂલ્યવાળાં છે પરંતુ હૃદયસંગત કાર્યો તો આપણું સર્વસ્વ છે. કારણ આપણો એક માત્ર ઉદ્દેશ ઈશ્વરપ્રેમ અને તેમાં જ સંતુષ્ટ રહેવાનો ને આનંદ



અનુભવવાનો છે.

બધી જાતની તપશ્ચર્યા—માનસિક, વાચિક કે કાયિક—ઈશ્વરપ્રેમ વિહોણી હોય તો તે એક પણ પાપને ભૂંસી શકતી નથી. કોઇ પણ જાતની ચિંતા, ભય કે સંશય વિના ખાત્રી રાખીએ, શ્રદ્ધા રાખીએ કે આપણા દોષો ને પાપોની ક્ષમા ભગવાન ઈશું ખ્રિસ્તને પ્રેમ કરવામાં, તે માટે વધુમાં વધુ પુરુષાર્થ કરતા રહેવામાં છે. મોટામાં મોટા પાપીઓને પ્રભુએ, માત્ર માફી જ નહિ, પોતાનો પ્રેમ અને ઇચ્છિત વરદાનો આપ્યાં છે. તેની કૃપા ને દયાનાં એ મોટામાં મોટા સ્મરણ–દીપકો કે સ્મારકો છે.

આધ્યાત્મિક અવસ્થામાં મને જે આનંદ પ્રાપ્ત થયો તે આ સંસારમાં મળતાં અતિમૂલ્યવાન ગણાતાં સુખોને સરખામણીમાં ક્ષુલ્લક ને ક્ષુદ્ર બનાવી દે છે; એટલે મને સાંસારિક સુખોની કશી તમા રહી નથી, તેમાં સ્પૃહા કે આસક્તિ રહ્યાં નથી તેમ આવાં સુખો ખોઇ બેસવાનો મને કોઇ ભય રહ્યો નથી. મારા અંતરની માત્ર એક જ ઇચ્છા છે ને પ્રભુ પાસે માગણી છે કે તે મનથી, તનથી, ધનથી એવું કંઇ કરી ન બેસું જેથી મારા પ્રભુને દુભવે કે દુઃખવે !

મારી ફરજચૂક થાય કે મારી જવાબદારીઓ નિભાવવામાં હું નિષ્ફળ જાઉં ત્યારે પણ મારા મનમાં કોઇ ખટકો, ડર કે એવી કોઇ નિષેધાત્મક લાગણી થતી નથી કારણ, તે થતાં વેંત હું મારા પ્રભુ પાસે દોડી જાઉં છું ને કહું છું. "ઓ મારા પ્રભુ, મારી નિષ્ફળતાઓનો, સ્વભાવદોષોનો, અપૂર્ણતાઓનો દીનભાવે હું સ્વીકાર કરી લઉં છું. આવા દોષો તો ત્યારે જ થાય છે કે જ્યારે હું તમારા સાન્નિધ્યથી વિમુખ થાઉં છું કે બીજે ચાલ્યો જાઉં છું. ઓ પ્રભુ, મને કદાપિ તમારાથી વિમુખ ન કરશો. નહિતર,

માનવસુલભ નિર્બળતાઓને વશ થઇ હું કંઇક અનિચ્છનીય કામ કરી બેસીશ, તે ચોક્કસ."

જો કોઇ પણ કાર્ય સફળતાપૂર્વક પાર પડે છે તો ય હું મારા પ્રભુ પાસે દોડી જાઉં છું ને કહું છું: ઓ પ્રભુ, આ કાર્ય સંપન્ન તમારી શક્તિથી, મારા દ્વારા થયું છે એટલું જ, આનો યશ હું આપને જ સમર્પણ કરું છું. હું તમારા હાથમાં એક યંત્ર છું ને તમે જ જેમ ચલાવો તેમ તે ચાલે છે. તેને તમે જેમ બજાવો તેમ તે નાચે છે.

(ક્રમશઃ)


પૂ. શ્રી યોગેશ્વરજીને તેમના ૭૫મા વર્ષે અમારા શત શત વંદન




Effective Computer Systems Pvt. Ltd.

106/507, 'Muktidham', Above 'Dairy Den',
Sayajigunj, Baroda - 390 005. ✆ - (0265) 328098

DeskTop Publishing - Computers - Printers
Shreelipi (Indian Language Fonts) - Software - Consultation




# અશક્યને તેં શક્ય કર્યું

નારાયણ હ. જાની

અશક્યને તેં શક્ય કર્યું, બીરૂદ સ્વજનનું સત્ય ઠર્યું.

ઘણીવાર દુન્યવી દૃષ્ટિએ અશક્ય લાગતાં કામો પણ સહજ રીતે ઉકેલાઇ જાય, ત્યારે માનવું પડે કે કોઇ માનવશક્તિ કે સૂઝનું આ પરિણામ નથી; કિન્તુ કોઇ અદૃશ્ય દિવ્યશક્તિની મદદથી જ તે શક્ય બન્યું છે. વળી એવું પણ જોવામાં આવ્યું છે કે આવાં દેખીતી રીતે કપરાં લાગતાં કામો પ્રભુ જ્યારે પાર પાડવા માંગતા હોય, ત્યારે તેને માટે કોઇ સુયોગ્ય વ્યક્તિનો ભેટો પણ પ્રભુ જ પોતે જ કરાવી દેતા હોય છે, અને તેના માધ્યમવડે, તે સારુંય કામ સિદ્ધ થઇ સફળતાને વરે છે.

આ બંને વાતોનું પ્રત્યક્ષ દર્શન અમોને છેલ્લા દોઢ બે માસમાં થયું તે ઘટના આ પ્રમાણે છે.

પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીએ આ વખતે વિદેશ જતાં પહેલાં ટ્રસ્ટની મીટિંગ અમદાવાદ ખાતે રાખી. તેમાં અંબાજી ખાતેના પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહની રસ્તા નજીકની ખરીદાયેલ જમીનનો પ્રત્યક્ષ કબજો મેળવવાના પ્રશ્નની ચર્ચા થઇ. તે સંબંધે હાલ શું પરિસ્થિતિ છે, તેની જાણ પણ કરવામાં આવી. તેના અનુસંધાનમાં અમારાથી ડૉ. શ્રી ભીમજીભાઇ જાગાણી અને ડૉ. શ્રી જીવરાજભાઇ મૈયાણીની મદદ લઇ, આ પ્રશ્નનો નિકાલ લાવવા પ્રયત્ન કરી જોઇએ, એવી રજુઆત થઇ ગઇ. ટ્રસ્ટીમંડળે તે વાત બહાલ રાખી.

તે પછી ત્રીજા જ દિવસે પૂ. માએ વડોદરા ખાતે સાધકોને દર્શન આપવા સ્વીકાર્યું. તેની જાણ અમે ઉપરના બંને ભાઇઓને કરી અને તેઓ બંને ભાવનગરથી વડોદરા પૂ. માના દર્શને પહોંચી ગયા. પૂ. માએ પણ પોતાની વિશિષ્ટ રીતે આ બંને ભાઇઓને પ્રોત્સાહિત કર્યા એટલું જ નહિ પણ આશીર્વાદય ધર્યા. ડો. જીવરાજભાઇએ માંગેલ મંત્રદીક્ષાના અનુસંધાનમાં પોતાની આગવી સહજ શૈલીમાં હસતાં હસતાં પૂ. માએ કહ્યું, "તમારે વળી મંત્રદીક્ષાની શી જરૂર છે? તમે તો સેવા જ કરો તે બરાબર છે. જાઓ, તમારા વતી આ 'મા' મંત્રજપ કરશે."

આવા શબ્દો સાંભળતાં કયા જીવને પોરસ ના ચઢે? એથી બંને જણ ખૂબ ઉત્સાહમાં આવી ગયા અને પૂ. માને કહ્યું, "નેવું દિવસમાં આ કામ પાર પડે તેવા આશીષ આપો.

"વહેલું કેમ નહિ?"

"હે મા, વહેલું થઇ જાય તો અમને અભિમાન આવી જાય."

"અને મોડું થાય તો?"

"તો તો અમને અમારી શક્તિમાં અશ્રદ્ધા થઇ જાય. કામ તો થવું જ જોઇએ અને તે પણ વધુ વિલંબ વગર."

* * *

આવા આશીર્વાદની મૂડી પામવાથી પ્રોત્સાહિત થયેલા આ ભાઇઓને અંબાજીની વાંધામાં પડેલ જમીનના બધા જ કાગળો-ની નકલ પૂ. માએ ખાસ માણસ મોકલી બીજા જ દિવસે ઉપ-લબ્ધ કરાવી દીધી. તે કાગળો ચકાસતાં આ જમીનનો કબજો મેળવવા ઉપર 'સ્ટે' છે, એવો કોઇ કાગળ ન મળ્યો એટલે શ્રી જીવરાજભાઇ અને જાગાણીભાઇ સાથે અમે પાલનપુર જઇ



કલેક્ટર કચેરીમાં તપાસ કરી. તો ખબર પડી કે ટ્રસ્ટે ખરીદેલ જમીન ઉપર કોર્ટનો કોઇ 'સ્ટે' ન હતો. પરંતુ તેની બાજુના સર્વે નંબરમાં રહેતી આદિવાસી બાઇએ સરકારી જમીનમાં વગર પરવાનગીએ રહેઠાણ બનાવી, આસપાસની ખુલ્લી જમીન ખેડવા માંડેલ. સરકારે તેને આ જમીન ખાલી કરવા હુકમ કરેલ. તેથી તેણીએ પોતે વાવેલી જમીનની માલિકીનો ફેંસલો ના આવે ત્યાં સુધી સરકાર તે ખાલી ના કરાવે તે માટે કોર્ટમાં 'સ્ટે' માટેની માગણી કરેલ; પરંતુ કોર્ટે તે માગણી મંજુર રાખેલ નહિ. પાછળથી અમને એ પણ જાણવા મળ્યું કે કેટલીક હિત ધરાવતી વ્યક્તિઓએ ટ્રસ્ટની જમીન ઉપર કોર્ટનો 'સ્ટે' છે એવી ખોટી વાતો જાણી જોઇ ફેલાવી રાખેલી.

આમ છતાં અમે કોર્ટમાં સરકારી વકીલને મળીને પાકી ખાત્રી કરી લીધી. એટલે અમને ખાત્રી થઇ ગઇ કે અમે ખરીદેલ જમીનનો કબજો સંભાળી લેવામાં કાયદાકીય કોઇ અડચણ ન હતી.

આ બધી માહિતી પૂરી પાડવામાં સ્થાનિક રેવન્યુ ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓએ જે મદદ, કશી પણ અપેક્ષા વગર કરી ન કલ્પી શકાય તેવી વાત હતી તે પરંતુ અંબાજી જઇ સ્થળ ઉપર તપાસ કરતાં માલુમ પડયું કે ખરીદેલ જમીનનો કબજો સંભાળવાનું કામ ધાર્યા જેટલું સહેલું ન હતું. કારણ કે સરકારી નકશા પ્રમાણે પૂરેપૂરી જમીનનો જો કબજો લેવામાં આવે તો વિશ્રામગૃહની પાછળ રહેતા ૭૦–૮૦ પરિવારોનો રસ્તો બંધ થઇ જતો હતો અને જો તે ચાલુ રાખવો હોય તો આ આદિવાસી બેનના ઝૂંપડા સુધીની જમીન તેમાં આવી જતી હતી. એટલે જમીનનો પૂરેપૂરો કબજો સંભાળતાં પાછળ રહેતા રબારી-

ઓ અને આ આદિવાસીબેનનો ખોફ વહોરી લેવો પડે તેમ હતો. આ કામ તેથી ખરે જ મુશ્કેલ હતું અને એમાંથી માર્ગ કાઢવા સરકારી અધિકારીઓએ જે સાથ આપ્યો અને જીવરાજભાઇએ જે કુનેહ વાપરી, બધાંનો સાથ જે ઢબે મેળવી લીધો તેમાં પૂ. મા–પ્રભુની કૃપાનાં અદ્દભુત દર્શન થયાં.

આમ સમાજમાં આજે એવી છાપ છે કે સરકારી કચેરીઓમાં પૈસા આપ્યા વિના કોઇ કામ થાય જ નહિ. તે માન્યતા અમને આ કેસમાં સાવ ખોટી પડતી જમાઇ. બધા જ અમલદારો ને કર્મચારીઓએ ખૂબ પ્રેમપૂર્વક અમને સાચું માર્ગદર્શન આપ્યું ને અમારું કામ કરી આપ્યું. તેમાં ઉલ્લેખનીય સેવાઓ બનાસકાંઠાના આર. ડી. સી. શ્રી વાઘેલા સાહેબ તેમ જ પ્રાન્ત ઓફિસર શ્રી મહેન્દ્રભાઇ પટેલની ગણાવી શકાય. પ્રામાણિક અમલદારોની છાપ કેવી અદ્દભુત પડતી હોય છે, તે પણ અમે પ્રત્યક્ષ નીહાળ્યું. વળી તેઓમાં સાર્વજનિક હિતનું કામ કરતી સંસ્થાઓને મદદરૂપ થવાની વૃત્તિ જોઇ અમને ખરે જ ખૂબ આનંદ થયો. લાગ્યું કે હજી આ દેશમાં બધું જ ખાડે નથી ગયું. ભ્રષ્ટાચારના સર્વત્ર ફેલાયેલ રણમાં ક્યાંક મીઠી વીરડીઓ પણ છે ખરી!

શ્રી જીવરાજભાઇએ સમાધાન તો એવું સરસ શોધી કાઢ્યું કે વિરોધ કરનાર આદિવાસી બાઇના પુત્રનો સહકાર મળી ગયો અને એણે એના ઘર પાસેથી રસ્તો કાઢી આપવામાં સારો એવો સહકાર આપ્યો. જે વ્યક્તિ સવારે તીવ્ર વિરોધ કરી રહી હતી તે જ વ્યક્તિ સામેથી સહકાર આપવા તૈયાર થાય તે ન કલ્પી શકાય તેવી વાત છે.

તા. ૨૨/૯ ના રોજ ડેપ્યુટી કલેક્ટર શ્રીની હાજરીમાં જમીનનો કબજો કેવી રીતે સંભાળી લેવો તેની વાતચીત તો થઇ.



પરંતુ બીજી સવારે કામનો આરંભ કરતાં કેવી કેવી મુશ્કેલીઓ આવશે, તેનો કંઇક આંદાજ શ્રી જીવરાજભાઇ અને તેમની સાથે આવેલ એન્જીનિયર શ્રી રાજુભાઇ પટેલને હતો. તે દિવસે વહેલી સવારે ઉઠેલ શ્રી જીવરાજભાઇ ઉપરના પ્રાર્થના ખંડમાં ગયા; અને પૂ. મા તેમ જ પૂ. ગુરુદેવને આંખમાં અશ્રુઓ સાથે પોણો કલાક પ્રાર્થના કરી કે હે પ્રભુ, આજે અમારું કામ પાર ઉતારજો, અમારી લાજ રાખજો. લગભગ કાંઠે આવેલું અમારું નાવ ડૂબી ના જાય તે જોજો.

અને કહેવાની જરૂર ખરી કે એ દિવ્યશક્તિએ અમો સહુને અદૃશ્ય રહીને જે સહાય કરી, તે કેવી રીતે ભૂલાય? આવડી મોટી પાંચસો ફૂટ લાંબી દિવાલનું બાંધકામ અતિ ઝડપથી પાર પાડવું, તે બે ત્રણ માણસોનું કામ ન હતું. પ્રભુની કૃપાથી જ અંબાજીના વિશ્રામગૃહમાં અગાઉથી શ્રી શાન્તિભાઇ કનેરિયા, શ્રી ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને શ્રી મોહનભાઇ પટેલ (નવા સાધક) તેઓની પત્નીઓ સાથે આવેલા. એથી મેનેજર શ્રી બાલુભાઇ પટેલને ઘણી હૂંફ રહી અને થઇ રહેલ બાંધકામ ઉપર તેઓ આખો દિવસ હાજરી આપી, પૂરી મદદમાં આવી ગયા. આ ઉપરાંત આ કામ પૂરું કરાવવા માટે ડો. જાગાણી એક સહાયક સાથે નોકરી ઉપરથી દસ દિવસની ખાસ રજા લઇને ગયા છે. આમ લાગ્યું કે જે કાર્ય સંપૂર્ણ અશક્ય લાગતું હતું તે આટલી ત્વરાથી શક્ય બની ગયું. તેમાં પ્રભુની સહાય જ કારણભૂત લેખાય.

વળી કોઇ પણ વ્યક્તિગત સ્વાર્થ વગર સહાય કરવા આવેલ એન્જીનિયર શ્રી રાજુભાઇ પટેલ, પૂ. ગુરુદેવ અને પૂ. માના

પરમ ભક્ત બની ગયા. કારણ કે અહીં રાત્રિ રોકાણો દરમ્યાન કામના અને રોકાણોના ભારના પરિણામે સતત તનાવ અનુભવતા એમના મને પણ આ સ્વર્ગારોહણ તીર્થમાં એક અદ્‌ભુત પ્રકારની શાન્તિનો અનુભવ કર્યો. એને લાગ્યું કે આ સ્થાન જરૂર દિવ્ય છે; નહિ તો અહીં બધી જ સાંસારિક ઉપાધિઓ આટલી સહેલાઈથી ભૂલાઈ શી રીતે જાય!

શ્રી રાજુભાઈ પટેલના શ્રદ્ધાળુ દિલે એમાં ભાગ ભજવ્યો હોય તે શક્યતા ખરી.

અહીં અમે એ પણ જોયું કે શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ પ્રત્યે શ્રદ્ધાભક્તિ રાખતા સાધકોને જ આવા કામમાં સહાયભૂત થવા જાણે પ્રભુ ખેંચી લાવતા ના હોય! પ્રભુની એ ગતિને કોણ સમજી શકે?

રૂપ તમારું વિશ્વમાં કેવું વ્યાપક હો!
જોવાને તે રૂપને મુજને ઈચ્છા થાય, યોગેશ્વર, તે રૂપને બતાવો હૃદય ચહાય.




સૌજન્ય :
સમગ્ર ભાવસાર પરિવાર



# નવા વર્ષની શુભેચ્છાઓ

તંત્રી

ઓક્ટોબર, ૯૫ ના અધ્યાત્મનો અંક વાંચકોના હાથમાં આવશે તે પછી થોડા જ દિવસોમાં દિવાળીના શુભ દિવસો શરૂ થઈ જશે. એટલે અમે અધ્યાત્મના ગ્રાહકો તેમ જ વાંચકો સહુને **શુભ દિવાળી અને નૂતન વર્ષાભિનંદન** પાઠવીએ છીએ.

તા. ૨૩–૧૦–૯૫ ના રોજ વિક્રમ સંવત ૨૦૫૨ નો પ્રારંભ થાય છે. તે પ્રસંગે, ગત વર્ષ દરમ્યાન જીવનમાં સધાયેલ ભૌતિક અને આધ્યાત્મિક ઉપલબ્ધિઓનો અંદાજ કાઢીએ અને નવા વર્ષમાં નવું સિદ્ધ કરવાના શુભ સંકલ્પો કરી, તે સંકલ્પોને સાકાર કરવા પ્રામાણિકપણે પુરુષાર્થ કરીએ, તે જરૂરી છે.

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં માણસને પ્રગતિ સાધવી હોય તો તેની ગુરુચાવી (એટલે મહત્ત્વની વાત) એક જ છે કે જે કાંઈ સમય અને શક્તિ માણસને પ્રભુએ આપી છે, તેનો તેણે પૂરેપૂરો ઉપયોગ કરવો જોઈએ. ધંધામાં શું કે સાધનામાં શું, જેઓ સમય અને શક્તિને નિરર્થક વાતોમાં ખર્ચી નાંખે છે, તેઓ કદી સફળતાને વરી શકતાં નથી. આવા કોક પુરુષોને કદીક ભાગ્યવશાત્ સફળતા મળી પણ જાય, તો તે સફળતા લાંબો સમય ટકી શકતી નથી.

એટલે સૌથી પ્રથમ જરૂર છે માણસે આત્મિક શાન્તિની ઉપલબ્ધિ માટે જાગ્રત થવાની. જે માણસને ભૂખ જ નથી, તેને કોણ ખવડાવી શકવાનું! એથી એકવાર જાગી જાઓ તે પછી

પ્રાર્થના અને પુરુષાર્થના બળે પ્રભુ આપોઆપ પ્રગતિનો માર્ગ ખુલ્લો કરતા જશે. આ અનુભવસિદ્ધ વાત છે.

એથી અમે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. શ્રી મા સર્વેશ્વરીને પ્રાર્થના કરીએ છીએ કે નવા વર્ષમાં સહુને સુખ, શાન્તિ ને સંપત્તિ પ્રાપ્ત થાઓ; સહુ કલ્યાણના પંથે આગળ વધો અને બીજાઓનાં દુઃખો હળવા કરવામાં પોતાની શક્તિ, સમજ અને સંપત્તિ વાપરો.

યાદ રાખો કે:--

હરિસ્મરણનો જે માર્ગ, તે સલામત માર્ગ છે;<br>
હરિ ભૂલાય જે માર્ગે, દુઃખનો માન માર્ગ તે.

દુન્યવી વ્યવહારોમાં ખોવાઈ જઈને, પ્રભુથી કદી પણ છૂટા ના પડી જવાય, તેનું ધ્યાન રાખનારને જીવનમાં નિરાશ થવાનો વારો કદી આવતો નથી.

O

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



# સર્વેશ્વરી તીર્થનો પાટોત્સવ

તંત્રી

રાજકોટમાં શ્રી જે. કે. માવાળાને ત્યાં સોરઠીઆ વાડીના રહેઠાણમાં 'શ્રી સર્વેશ્વરી તીર્થ'ની સ્થાપના પ. પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરીના હાથે તા. ૨૮–૧૧–૯૪ ના રોજ ખૂબ ધૂમધામથી કરવામાં આવેલ. તેનો વાર્ષિક પાટોત્સવ આગામી નવેમ્બર ૯૫ ની ૨૮ મી તારીખે છે. તે પ્રસંગે શ્રી યોગેશ્વરપરિવારના સર્વે સાધક ભાઈબહેનોને શ્રી જે. કે. માવાળા પરિવાર તરફથી રાજકોટ પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. આગલા દિવસે આવનાર સાધકો માટે ઉતારાના તથા રાત્રિ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

સ્થળઃ–શ્રી જે. કે. પટેલ (માવાળા) એમ.–૩૨, આશીર્વાદ, નીલકંઠ પાર્ક, નીલકંઠ સીનેમા સામે, મ્યુ. શાળા નં. ૬૩ ની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૪

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

# બીલીપત્ર

યોગેશ્વરજી

## સાધનામાં ખોરાકનું મહત્ત્વ

આધ્યાત્મિક સાધનમાં જો જલદી આગળ વધવું હોય તો ખોરાક ઉપર ખૂબ ધ્યાન આપવું પડશે. ખોરાકનો ખાસ વિચાર કરવાની જરૂર છે. ઘણા એમ માને છે કે અન્નવિના જીવાય જ નહિ ને તેથી ભૂખનો વિચાર કર્યા વિના તેઓ ખાવા જ માંડે છે. તેમના મનમાં એમ હોય છે કે જેમ વધારે ખાઈએ તેમ વધારે સશક્ત થવાય. પરંતુ તે સંપૂર્ણ સાચું નથી. યાદ રાખો કે જેટલો ઓછો ખોરાક લેશો તેટલો જ લાભ થશે. જેનું પેટ સાફ નથી તે ધ્યાન કરી શકે નહિ, આસનમાં સ્થિર રહી શકે નહિ ને વિકારો તથા વૃત્તિઓને વશ થાય એ સમજી લઈ ભૂખ જેટલો જ ને ભૂખ હોય ત્યારે જ ખોરાક લેવાની જરૂર છે. ઉપરાંત ખોરાક સાત્ત્વિક જોઈએ. સાત્ત્વિક ખોરાકથી સાધન સારું થાય છે. અન્નથી જ મન બને છે એ લક્ષમાં રાખી દરેક સાધકે અન્નનો યથોક્ત ઉપયોગ કરવો રહ્યો.

ઋષિકેશ, ૧૬ એપ્રિલ, ૪૩, શુક્ર.

* * *

## યોગક્ષેમની શ્રદ્ધા

તેમ કરતાં તેણે આકરી કસોટીમાંથી પસાર થવું પડશે પરંતુ એવા અનુભવથી તેનું તેજ વધશે, આત્મબળ દૃઢ થશે, ને તે પોતે ઈશ્વરની શ્રદ્ધાભક્તિનો જીવંત નમૂનો બની રહેશે. મારા લગીર



જેટલા જીવનમાં તેણે મારી જે સંભાળ લીધી છે તે પરથી જ હું અજાચકવ્રત લઈ રહ્યો છું. ને અત્યારસુધીમાં અદ્‌ભુત રીતે તેની પ્રીતિનું દર્શન કરી રહ્યો છું. અલબત્ત, ઘણીવાર મનની ચંચળવૃત્તિએ બળવો કર્યો છે. પરંતુ પ્યારા પ્રભુની આગળ તે આખરે તો પરવશ બની ગઈ છે. ખરેખર, ઈશ્વરપર શ્રદ્ધા રાખવામાં આવે તો તે યોગક્ષેમનું વહન કરે જ છે. એ શ્રદ્ધા ટકાવવી ને વધારવી રહી. હે પ્રભુ, તારી શ્રદ્ધા મારામાં હંમેશ વધજો. તારા વિના હું કોઈને દ્વારે કશી પ્રાર્થના માટે ન જઉં એ તારી કૃપા હજો. મારું સર્વસ્વ તારા જ શ્રીચરણમાં ઢળી રહેજો. તારા પવિત્ર પ્રેમાગ્નિમાં મારું રહ્યુંસહ્યું અજ્ઞાન બળી જજો.

ઋષિકેશ, ૧૭ એપ્રિલ, ૪૩, શનિ.

* * *

## અન્નક્ષેત્રની પણ ભિક્ષા ના લેવાય તો સારું

બેચાર વખતથી એવું થાય છે કે ક્ષેત્રમાં જઈને સીધા માટે કે ભિક્ષા માટે કહું. પરંતુ એમાં ઊંડે ઊંડે પણ વાસના રહેલી છે અને નક્કી જ્યાંસુધી હાથે પકાવીને ખાઈ શકાય ત્યાંસુધી ગમે તેવું સારું અન્ન હોય તોય ભિક્ષા ન લાવવી જોઈએ. સારા અન્નથી પ્રેરાઈને લવાયેલ ભિક્ષા પણ પાપરૂપ છે કેમકે એક તો તેમાં સંકલ્પનો ને સિદ્ધાન્તનો ભંગ થાય છે ને ઈન્દ્રિયની કે સ્વાદની લોલુપતા પણ તેમાં પ્રત્યક્ષ જણાય છે. આ બે વસ્તુઓ હજી ખૂબ ખૂબ ધ્યાનમાં લેવી જોઈએ. મનને જીતવામાં તો મહત્તા છે. વૃત્તિ-ઓનો પ્રત્યાહાર કરવામાં તો મોટાઈ છે. એવી શક્તિ કોક ભાગ્ય-શાળીની જ હોય છે. માટે જ **स महात्मा सुदुर्लभः** આપણે પણ તે જ ઉચ્ચ કોટિના છીએ એ ક્ષણવાર પણ વિસરાવું ના ઘટે.

ઋષિકેશ, ૧૦ એપ્રિલ, ૪૩, શનિ.

# જ્ઞાનદાયિની શ્રી શ્રી મા શારદા

સંકલન : ઝિંઝુવાડીયા કનૈયાલાલ

બીજા કોઇને શિવપૂજા કરતા જોઇ એક સ્ત્રીભક્તને શિવપૂજા કરવાની ઇચ્છા થઇ ને એ માટે માતાજી પાસે અનુમતિ માગી. એમણે કહ્યું, "મેં જે મંત્ર આપ્યો છે એનાથી દુર્ગાપૂજા, કાલીપૂજા, બધી જ પૂજાઓ કરી શકો છો. તો પણ કોઇની ઇચ્છા હોય તો એ બધા મંત્રો શીખી શકે છે. તમારે એ બધાની કંઇ જરૂર નથી." એક વાર વિધિપૂર્વક ભોગ નિવેદન કરવાનો પ્રશ્ન ઊઠયો. ત્યારે માતાજીએ કહ્યું, "પૂજાવિધિની એટલી બધી જરૂર નથી. ઇષ્ટમંત્ર દ્વારા જ બધું કરી શકાય છે.

પ્રાર્થના, ધ્યાન વગેરે પરોઢિયે નરણે કોઠે કરવાં જોઇએ પણ શૌર્યેન્દ્ર મજુમદાર ચા પીધા વગર જપ કરવા નહોતા બેસી શકતા. દીક્ષા પછી માતાજીને તેમણે તેમની મુશ્કેલી જણાવી. માતાજીએ કહ્યું, "તને ગમે તો ભલે, ચા પીધા પછી જપ–ધ્યાન કરી શકે છે."

નલિનબાબુનાં માતુશ્રીના સ્વર્ગવાસ પછી એક દિવસ માતાજીએ એમને મીઠાઇ ખાવા આપી. સૂતકના સમય દરમિયાન મીઠાઇ ખાતાં એમને સંકોચ થયો. તેથી માતાજીની આ વિષે સલાહ પૂછી. એમણે કહ્યું, "એમાં શું વાંધો છે, બેટા? હું પણ તારી મા જ છું ને? હું જ્યારે આપું છું ત્યારે તે ખાવામાં કાંઇ દોષ નથી."

શ્યામચરણ ચક્રવર્તીને આહાર વિષે સલાહ આપતાં એમણે કહ્યું હતું, "દીકરા તને જે કાંઇ પણ ખાવાની ઇચ્છા હોય તે



ખાજે પણ ઠાકુર શ્રાદ્ધ આદિ, લગ્ન ને પ્રાયશ્ચિત્તનું અન્ન ખાવાની ના પાડતા.

એક સ્ત્રીભક્તે એક વાર પૂછયું કે સ્ત્રીઓને અડચણ હોય તે સમય દરમ્યાન તેમનાથી પૂજા કરાય કે નહિ? તેને માતાજીએ જવાબ આપ્યો કે ભગવાન પ્રતિ ખૂબ ભક્તિ હોય તો કરી શકાય. પણ મનમાં સંશય હોય તો ન કરાય. પણ એ જ પ્રશ્નનો જવાબ બીજી એક સ્ત્રીને આપતાં એમણે કહ્યું કે અડચણ વખતે પૂજા વગેરે ન કરવાં જોઇએ. બની શકે ત્યાંસુધી વિધિઓનું પાલન કરી ભક્તને ભક્તિ માર્ગે ચઢાવવો એ જ એમનો ઉદ્દેશ હતો. અને તેઓ દીક્ષા પણ એ જ ધ્યેયને અનુસરીને આપતાં.

એક દીક્ષાપ્રાર્થીને એમણે કહ્યું હતું, "તમારા કુળગુરુ તો છે. એમની પાસે દીક્ષા લેજો." એવા દાખલાઓ પણ છે કે જ્યારે એમણે કુળગુરુએ આપેલા મંત્રનો દશ વાર જપ કરી પછી પોતે આપેલા મંત્રનો જપ કરવાનું કહ્યું હતું આમ દીક્ષાર્થીની માનસિક સ્થિતિ પ્રમાણે તેઓ જુદી જુદી વ્યવસ્થા કરતાં.

ઘણા ભક્તો પોતાના કુળગુરુ પાસે એક વાર દીક્ષા લીધી હોય તો પણ માતાજી પાસે દીક્ષા લેવા આવતાં. તેવાં ચંચળ મનના અને ઓછી શ્રદ્ધાવાળા માણસો દીક્ષા લેવા આવે ત્યારે મા તેમના દેખાવ અને વર્તણુક ઉપરથી તેમના ભૂતકાળ વિષે જાણી એમને પૂછતાં કે એમણે પહેલાં દીક્ષા લીધી છે કે નહિ? જ્યારે એ લોકો હા કહે ત્યારે માતાજી તેમને કહેતાં, "તમારા ગુરુએ આપેલા મંત્રમાં તમને વિશ્વાસ નથી તે ફરી મારી પાસે દીક્ષા લેવા આવ્યા છો! મંત્ર એટલે શું? ભગવાનનું પવિત્ર નામ. ભક્તો માફી માગે ને આંખમાં આંસુ સાથે આજીજી કરે. માતાજી કહેતાં,

"હું કોઇનાં આંસુ સહન કરી શકતી નથી એટલે હું પ્રભુને એમની શ્રદ્ધા દૃઢ કરવા માટે પ્રાર્થના કરું ને એમના નિર્દેશ પ્રમાણે એ લોકોએ લીધેલા મંત્ર સાથે બીજી વાર દીક્ષા આપું છું. ભગવાન તરફ એમની શ્રદ્ધા વધે ને નવો ઉત્સાહ ને શક્તિ એમને મળે એટલા માટે નવો મંત્ર આપું છું"

માતાજીએ જાન્યુઆરી, ૧૯૧૧ માં એક ભક્તને કહ્યું હતું, "યોગશિક્ષા માટે બીજા ગુરુ કરી શકાય, પણ દીક્ષાગુરુ બદલવા ન જોઇએ." એક દીક્ષાર્થીનો પત્ર સાંભળી માતાજીએ કહ્યું હતું, "દીક્ષા લેવાનો ઉદ્દેશ એ છે કે સાધના કરી ઈશ્વરપ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરવો. કુળગુરુની આજીવિકા બંધ કરવી એ નહિ." એક છોકરાને ઉદ્દેશી માતાજી બોલ્યાં, "આ છોકરો મારી તરફ જેટલી શ્રદ્ધા રાખે છે તેટલી જ તેના કુળગુરુ તરફ રાખે છે." પછી તે છોકરાને માતાજીએ કહ્યું, "તારા કુળગુરુને તું વાર્ષિક જે કંઇ આપતો હોય તે પોતાની શક્તિ પ્રમાણે વધારી આપે તો હું તને દીક્ષા આપીશ." છોકરાએ તે શરત કબૂલી એટલે માતાજીએ તેને દીક્ષા આપી. આમ દીક્ષાગુરુ સંબંધી માતાજીની દૃષ્ટિ ખૂબ ઉદાર હતી.

આધ્યાત્મિકતામાં બહુ આગળ વધેલ ન હોય એવી વ્યક્તિઓ બીજાઓને દીક્ષા આપે છે તે સાંભળી માતાજીએ કહ્યું, "એ બધા તો ધંધાદારી ગુરુઓ છે. તોપણ એથીય ઉપકાર થાય છે. આમ તો માણસો દુનિયામાં કંઇ કરવા નથી ઇચ્છતા, પણ આમ દીક્ષા લઈને પણ ભગવાનનું નામ લેવાનું તો શરૂ કરે છે."

માતાજીની આવી ઉદાર ભાવના હોવા છતાં પણ એ લોકોના (કુળગુરુઓનાં) અન્યાયભર્યા હકો માનવા તેઓ રાજી ન હતાં. તારકનાથ રાયને તેમણે એક પત્રમાં માર્ચ ૧૯૧૩ માં લખાવ્યું



હતું, "કુળગુરુને એની વાર્ષિક દક્ષિણા આપજો. વધારે આપી શકો તો વધારે આપજો. પણ એને સંતુષ્ટ રાખવા જેટલા પૈસા તમે ક્યાંથી લાવશો?"

એક સ્ત્રીભક્તે માતાજીને લખી જણાવ્યું હતું કે માતાજી પાસેથી દીક્ષા લેવાથી એના કુળગુરુએ એને શાપ આપ્યો હતો. તેના જવાબમાં માતાજીએ લખ્યું, "જે ઠાકુરની શરણાગતિ સ્વીકારે છે, તેને બ્રહ્મશાપ પણ કંઇ કરી નહિ શકે. તારે ડરવાની જરૂર નથી." (માતાજીનો શ્રી રામકૃષ્ણદેવ પર કેટલો અટલ વિશ્વાસ!)

એક સ્ત્રીભક્તે લખ્યું હતું કે સાસુસસરાની ઇચ્છા વિરુદ્ધ તે દીક્ષા લેવા આવી શકતી નથી. તેના જવાબમાં માતાજીએ લખાવ્યું કે, "પ્રભુ તો વિશ્વવ્યાપી છે ને એને પ્રાર્થના કરવામાં આવે તો એ કૃપા કરે જ છે.

એક ગરીબ શિષ્ય એક વાર 'ઉદ્‌બોધન'ના મકાનમાં માતાજી-ને મળવા આવ્યો, પણ એમના મંદવાડને લીધે તે વખતે દર્શન ન કરી શક્યો. તેથી પત્ર લખી એણે પૂછાવ્યું કે બીજી વાર જો એ આવે તો દર્શન મળશે કે નહિ? માતાજીએ જવાબમાં કહ્યું, "વાત એમ છે કે જેનો ભવસાગર પાર કરવાનો સમય થયો હોય તે બધા જ બંધનો કાપી નાંખીને ચાલ્યા આવશે. એને કોઇ બાંધી રાખી શકશે નહિ. પૈસાની તંગી, કાગળના જવાબની આશા, ફોગટ આંટો થશે તેવી બીક, એ બધાનો કંઇ જ અર્થ નથી." માતાજીએ એને આવવાની રજા આપી.

પરણેલી સ્ત્રીઓને દીક્ષા આપતા પહેલાં માતાજી તેમની પાસે જાણી લેતાં કે તેમને તેમના પતિની સંમતિ છે કે નહિ. સંમતિ

હોય તો પતિ દીક્ષિત ન હોય તોપણ માતાજી તેઓને દીક્ષા આપતાં.

તબિયત બહુ ખરાબ ન હોય તો માતાજી કોઇ પણ દીક્ષાર્થીને પાછો ન મોકલતાં. સુપાત્રને વગર માંગે પણ દીક્ષા આપતાં.

કટકના વૈકુંઠબાબુએ કોઠાર જઇને માતાજીનાં દર્શન કર્યાં હતાં. તેમના મનમાં દીક્ષા લેવાની ઇચ્છા પણ ન હતી. તે વખતે ફક્ત પ્રણામ કરીને પાછા ચાલ્યા આવ્યા હતા. પણ બે ચાર દિવસો પછી એક પ્રબળ આકર્ષણને લીધે ફરી એમને કોઠાર જવું પડયું. આ વખતે ઘેર પાછા વળવાને આગલે દિવસે પ્રણામ કરવા જતાં માતાજી બોલ્યાં, "કાલે રહી જાઓ, પરમ દિવસે જજો."

પછી એમણે સાંભળ્યું કે માતાજી તેમને દીક્ષા આપવાનાં હતાં, તેથી બીજે દિવસે સવારે એમને તૈયાર રહેવું પડશે. એ આમાનું કાંઇ સમજ્યા નહિ પણ બીજી સવારે માતાજી પાસે જતાં એમણે પૂછયું, "મંત્ર લેશે?" વૈકુંઠે જવાબ આપ્યો, "આપની ઇચ્છા હોય તો આપો, હું કશું જાણતો નથી." માતાજીએ પૂછયું, "કયા દેવતાનો મંત્ર લેશે?" એ વિષે વૈકુંઠે વિચાર નહોતો કર્યો એટલે એ કંઇ જવાબ ન આપી શક્યો તેથી માતાજીએ પોતે જ પોતાની ઇચ્છા પ્રમાણે એમને ઇષ્ટમંત્ર આપ્યો.

એક વાર જયરામવાટીમાં મલેરિયાની લાંબી માંદગી ભોગવ્યા પછી માતાજી કલકત્તા આવ્યાં. તેમની તબિયત સારી નહોતી. શરીર પણ ખૂબ અશક્ત હતું તેથી ભક્તોને દર્શન આપવાનું બંધ હતું. તે વખતે મુંબઇથી એક પારસી યુવાન આવ્યો. એણે સ્વામી વિવેકાનંદના ગ્રંથો વાંચ્યા હતા તેથી એ તરફ આકર્ષાયો હતો. એને મળી સ્વામી શારદાનંદ ખુશી થયા ને માતાજીને મળવા માટે



એને ઉપલે માળે મોકલ્યો. માતાજીના દર્શન કરી એણે કહ્યું, "માઇજી, કાંઇક એવો મંત્ર આપો જેથી ઈશ્વરનાં દર્શન પામી શકું." આ સાંભળી માતાજીએ બ્રહ્મચારી રાસબિહારીને પૂછયું, "મંત્ર આપું? આપી જ દઉં." માતાજીની તબિયત સારી ન હોવાથી બ્રહ્મચારી હાલ દીક્ષા ન આપે અને ભવિષ્ય માટે મુલતવી રાખે તેમ ઇચ્છતા હતા. વળી સ્વામી શારદાનંદ નારાજ થશે જાણી હાલ દીક્ષા ન આપવા માતાજીને જણાવ્યું, માતાજીએ કહ્યું "ઠીક, તું શરતને (સ્વામી શારદાનંદને) પૂછી આવ." સ્વામી શારદાનંદની રજા લઇ આવતાં બ્રહ્મચારીએ જોયું કે બે આસનો પાથરી, હાથમાં ગંગાજળ લઇ માતાજી દીક્ષા આપવા માટે તૈયાર થઇને બેઠાં છે. દીક્ષા આપ્યા પછી તેઓ બોલ્યા, "છોકરો મજાનો છે. મેં જે કહ્યું તે બધું જ સમજી ગયો છે."

વસ્તુતઃ અંદરની પ્રેરણા મળતી એટલે જ માતાજી આમ કરતાં. તેઓ કહેતાં, "ઠાકુર પોતે જ આ બધાંને મોકલે છે." અથવા તો "ના, ના, હું કંઇ નથી. ઠાકુર જ કૃપા કરે છે. હું તો ફક્ત એમના હાથમાં યંત્રરૂપ છું." ભાષાને લીધે પણ દીક્ષા વખતે કંઇ મુશ્કેલી ન પડતી. તેઓ બંગાળી ભાષામાં જ બોલ્યે જતાં ને શિષ્યો એનો મર્મ સમજી જતા. માતાજી જ્યારે દક્ષિણ ભારત ગયાં હતાં ત્યારે ત્યાંના લોકો આવીને કહેતાં. 'મંત્રમ્' 'ઉપદેશમ્'. ત્યારે માતાજીના મનમાં જે મંત્ર સ્ફૂરતો તે તેઓ આપતાં તેઓ કહેતાં, કોઇ કોઇને મંત્ર આપવા જાઉં ત્યારે તરત મનમાંથી જવાબ આવે, "આ આપો, આ આપો." વળી કોઇકને મંત્ર આપતી વખતે કોઇ પણ મંત્ર મનમાં ન આવે. જાણે કે કશું જ જાણતી નથી. બેઠી જ રહું પછી ખૂબ ખૂબ વિચાર કરતાં કરતાં મંત્ર સ્ફુરે. સુપાત્ર હોય ત્યારે તરત જ મંત્ર અંદરથી જાગી

ઊઠે."

કોઇક વાર માતાજી નાનાં બાળકોને પણ દીક્ષા આપતાં એક વાર બાર વર્ષનો એક છોકરો 'ઉદ્‌બોધન' આવી માતાજીને પ્રણામ કરી માતાજીની કૃપા માટે રડવા લાગ્યો ને કહેવા લાગ્યો કે, "માની કૃપા જોઇએ છે. એના મનમાં આ ઘેલછા ઊઠી છે એમ માની કોઇએ એના તરફ ધ્યાન ન આપ્યું. બીજા દિવસે માતાજીના સેવકે જોયું કે તે બહારના ઓટલા પર એકલો બેઠો છે. ત્યાંતો ઘણાં આવીને આમ બેસતા એટલે એ વિષે કાંઇ વિચાર્યા વિના સેવક બજારમાં ચાલ્યા ગયા. પણ પાછા ફરતાં એમણે જોયું કે એ છોકરો હસતો હસતો બહાર જતો હતો. સેવકને નવાઇ લાગવાથી પૂછપરછ કરતાં જાણ્યું કે માતાજીએ રાધુને નીચે જઇ બહારના ઓટલા પર એક બાળક બેઠો છે તેને ઉપર લઇ આવવા કહેલ. આમ એને સામેથી બોલાવી માતાજીએ દીક્ષા આપી હતી. તેથી એ ગુરુદક્ષિણા માટે ફળ ને મીઠાઇ લેવા બજારમાં જતો હતો. સેવકે માતાજીને પૂછયું, "મા આટલા નાના છોકરાને વળી દીક્ષા શું? એ શું સમજે?" "તે ગમે તે હોય. નાનો બાળક ગઇ કાલે પગ પકડી કેટકેટલું રડયો. ભગવાન માટે કોણ રડે છે? બોલ જોઉં? આવી મતિ કેટલાની હોય છે?"

રામેશ્વરથી પાછા ફર્યા પછી જન્માષ્ટમીના બેત્રણ દિવસ પહેલાં કોઆલપાડામાં એક તેર વર્ષના નાની ઉંમરના બ્રહ્મચારીએ દીક્ષા માગી. માતાજીનો એ ખાસ લાડકો હતો. પણ દીક્ષાની વાત સાંભળતાંવેંત ઊઠાવીને કહ્યું, "આટલો નાનો છે. બે દિવસમાં તો મંત્ર ભૂલી જશે. તારે હમણાં જ દીક્ષા લેવાની શી જરૂર છે? માતાજી તો તારા દેશનાં જ છે. એઓ જ્યારે ફરી દેશ જાય ત્યારે વિચાર કરી એમની પાસે દીક્ષા લેજે." એટલું કહી ગુલાબમા ચાલ્ય ગયાં. ત્યારે માતાજીએ કહ્યું, "ગુલાબની વાત તો જુઓ."



નાનપણમાં જે કંઇ સારી રીતે શીખે તે કોઇ ભૂલી શકે? અત્યારથી જ કરી શકે તેટલું કરવા દોને. પછી હું તો છું જ ને?" જન્માષ્ટમીને દિવસે એની દીક્ષા થઇ ગઇ. માતાજીએ બતાવ્યાં પ્રમાણે જ એને જપ વગેરે કરતો જોઇને તેઓ બોલ્યાં, "જુઓ, આટલું પણ એને શા માટે યાદ ન રહે? ચોક્કસ યાદ રહેશે. પછી જરૂર પ્રમાણે બધું બતાવી દઇશ." દીક્ષા પછી માતાજીયે એને મીઠાઇ ખાવા આપીને કહ્યું, "શરમા નહિ. દીક્ષા પછી પ્રસાદ ખાવો જોઇએ."

માતાજી હમેશાં આમ બાળકોને દીક્ષા આપતાં એમ પણ ન હતું. એક વાર સાત–આઠ વર્ષના એક છોકરાને દીક્ષા આપવાની વાત નીકળી ત્યારે માતાજીએ કહ્યું, "એ તો હજી નાનો છે. હમણાં દીક્ષા લેવાની શી જરૂર છે? એ ભક્ત છે. એને ભક્તોનો દાસ થઇને રહેવા દો."

યોગ્ય અધિકારી હોય અને અંતરમાંથી દીક્ષા આપવાની પ્રેરણા મળે ત્યારે માતાજી દેશકાળનો બહુ વિચાર કરતાં નહિ. એક વાર શિલોંગના એક ભક્તે માતાજીની દૈવી સત્તામાં નિઃસંશય બનવા માટે એવો નિશ્ચય કર્યો કે સાત વાર સ્વપ્નમાં એમનાં દર્શન મળે તો જ તેઓ માતાજીનાં દર્શને જશે અને તેને સાતવાર દર્શન મળ્યા પછી તે માતાજીનાં દર્શન કરવા જયરામવાટી ગયા. એ પાછા ફરતા હતા ત્યારે માતાજીએ કહ્યું, "દીક્ષા લઇને જ જજે." ભક્તે જણાવ્યું કે કલકત્તામાં પણ દીક્ષા લઇ શકશે. પણ માતાજીએ કહ્યું "ના, ના, અહીં જ પતાવી લે. આજે જ." ભક્તે કહ્યું "મેં તો જમી લીધું છે." માતાજીએ પ્રસાદી અન્નના ભોજનમાં દોષ ન ગણ્યો ને એને દીક્ષા આપી. સદ્‌ગુરુની એક સાંજે એક છોકરાએ નજરકેદમાંથી છૂટીને કોઆલપાડા આવીને માતાજી પાસે દીક્ષા માગી. એના પર માતાજીને કુદરતી જ સ્નેહ

થયો. તેથી તેઓ બીજે દિવસે દીક્ષા આપવા માટે રાજી થયાં. પણ તે વખતે કોઆલપાડાના આશ્રમ ઉપર પોલીસની સખત નજર હતી. એને આશ્રમમાં રાખવાથી કદાચ મુશ્કેલી નડે એટલે આશ્રમની બહાર એક ઘરમાં ઉતારો આપ્યો. બીજે દિવસે વહેલી સવારે માતાજી બ્રહ્મચારી વરદા સાથે જગદંબા આશ્રમથી નીકળી રાધુના મકાન તરફ જતાં હતાં. ત્યારે મેદાનમાં જ પેલા છોકરાને નાહીને આવતો જોયો. માતાજીએ થોડું પાણી લાવવા કહ્યું. તેથી બ્રહ્મચારી એક પ્યાલામાં પાણી લઇ આવ્યો. એને લાગ્યું કે માતાજી બેસવા માટે આસન શોધે છે તેથી પૂછ્યું કે, "આસન લઇ આવું?" માતાજીએ જવાબ આપ્યો, "રહેવા દે. પાછા જવાની જરૂર નથી. થોડું ખડ પાથર. એના ઉપર જ અમે બંને બેસીશું." આમ બેસીને આચમન કરી ત્યાં જ પેલા છોકરાને દીક્ષા આપી.

એક દિવસ કલકત્તા જતી વખતે માતાજી વિષ્ણુપુર સ્ટેશન પર ઊભાં હતાં, ત્યારે ઉત્તરહિંદનો એક કુલી એમને જોઇ આતુરતાથી એમની પાસે આવ્યો ને પોતાની બોલીમાં કહેવા લાગ્યો, "તું જ મારી જાનકી માઇ છે. તને હું કેટલા દિવસોથી શોધું છું. તું આટલા દિવસ ક્યાં હતી?" એમ કરી રડવા લાગ્યો. કૃપામયી માતાજીએ એને ફૂલ લાવવાનું કહ્યું. એણે ફૂલ લાવીને માતાજીના ચરણોમાં ધર્યું, ત્યારે માતાજીએ એને દીક્ષા આપી. (આમ સ્ટેશનમાં જ એકાએક કોઇ પણ વિધિ કર્યા સિવાય દીક્ષા મળી જાય તે જીવ કેવો ભાગ્યશાળી હશે? આવી હતી માતાજીની કરુણા.)

(ક્રમશઃ)



# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'મારાં લગ્ન પહેલાં દેવર્ષિ નારદે મને આવી જ રીતે સ્વપ્નમાં દર્શન આપીને કહેલું કે, તારું લગ્ન રાવણ સાથે જ થવાનું છે, બીજા કોઇની સાથે નથી થવાનું. એ વખતે તો રાવણને હું ઓળખતી યે ન હતી, તોપણ મારું એ સ્વપ્ન સાચું પડ્યું. દેવર્ષિ નારદનું એ સ્વપ્ન થોડા જ વખતમાં હકીકત બની ગયું તેમ આ પણ બનશે જ. તને છોડવવા માટે રામ લંકામાં અવશ્ય આવી પહોંચશે. મને તો સહેજ પણ શંકા નથી થતી. માટે નકામાં આંસુ ન સારતી. તારી સ્નેહથી છલેલી કાળીભમ્મર આંખમાંથી ટપકી પડતાં આંસુ મારા અંતરને વલોવી નાંખે છે ને વ્યથિત કરે છે. તારી અંતરમાંથી ઊઠતી ઊંડી ઊંડી આહ મારા પ્રાણને પીડિત કરે છે. તારી દિનપ્રતિદિન કૃશ થતી કાયા, તારી વેદાનાથી વ્યાકુળ થયેલી વાણી, તથા તારી દયાળુ છતાં દયાની યાચના કરી રહેલી દુઃખી દૃષ્ટિ, મારા કાળજાને કંપાવી દે છે. તું હવે વધારે દુઃખી ન થતી. તું દુઃખી થશે ત્યાં સુધી હું પણ દુઃખી જ રહીશ.'

મંદોદરીની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

સીતા એના પવિત્ર પ્રેમથી દ્રવી ગઇ.

મંદોદરી થોડાક વખત પછી સ્વસ્થ થઇ એટલે એ બોલી: 'તારી લાગણી માટે તારી અભારી છું, પરંતુ સુખી થવું, કે દુઃખી બનવું કોઇના હાથમાં છે! વિધાતાને જે ઠીક લાગે છે તે થતું રહે

છે. મારા જીવનનું સમસ્ત સુખ રામમાં જ રહેલું છે, એટલે એમના વિના મારું દિલ દુ:ખી થાય એ સ્વાભાવિક છે. છતાં પણ તારું સ્વપ્ન સાંભળીને અને તારી મારે માટેની લાગણી જોઇને મને ઊર્મિલાનું સ્મરણ થાય છે.'

'ઊર્મિલા વળી કોણ છે?'

'મારી સગી બહેન છે. એનું લગ્ન મારા લગ્નની સાથે જ પરંતુ લક્ષ્મણ સાથે થયેલું. એ અયોધ્યામાં રહી છે. એને પણ અમારાં લગ્ન પહેલાં દેવર્ષિ નારદનું સ્વપ્ન આવેલું. એ સ્વપ્ન સાચું ઠર્યું. ઊર્મિલાનો મારા પ્રત્યેનો પ્રેમ અખૂટ છે. એજ ઊર્મિલા તારા રૂપમાં આવીને મને સ્નેહથી સંભાળતી હોય એવો સંતોષ મને થઇ રહ્યો છે. તારી મારે માટેની ઉત્કટ લાગણી મને ઊર્મિલાની લાગણીની યાદ આપે છે.'

મંદોદરી થોડીવાર વિચારીને બોલી: 'પરંતુ એકલી લાગણી રાખીને બેસી રહેવાને બદલે કાંઇક સક્રિય કામ કરું એવી ઇચ્છા મને થયા કરે છે.'

'તું સક્રિય કામ નથી કરી રહી?'

'છતાં પણ વિશેષ સક્રિય કામ. મને થાય છે કે મારા પતિના માટે અનશન કરું?'

'અનશન?'

'હા. અનશન. સંભવ છે કે, એથી એમનો પ્રાણ પીગળે. એમનો પ્રાણ અતિશય કઠોર હોવા છતાં એટલો પ્રયાસ તો અવશ્ય કરી જોઉં.'

'મંદોદરી, તારો પ્રેમ અજબ છે. તો પણ એવો સંકલ્પ શા માટે કરે છે? એથી તો તારી યંત્રણામાં વધારો થશે.'



'એ યંત્રણા કર્તવ્યપાલન કરતાં વેઠવાની હોવાથી મીઠી લાગશે. એથી મને મારો ધર્મ બજાવ્યાનો સંતોષ મળશે.'

'પરંતુ મારું દિલ એથી દુ:ખી બનશે. મને થશે, તું મારે માટે કષ્ટ સહી રહી છે. મારું જીવન એવું જ દુ:ખમય છે. તે પોતે તો દુ:ખી થાય છે જ, પીડાને પરિતાપ વેઠે છે, પરંતુ સાથે બીજાને પણ દુ:ખી કરે છે. મારે લીધે કૌશલ્યાદિ સાસુઓ દુ:ખી થઇ, ઊર્મિલા દુ:ખી થઇ, રામ તથા લક્ષ્મણ દુ:ખી થાય. મને રાવણના સકંજામાંથી છોડવવાનો પ્રયાસ કરનાર જટાયુ દુ:ખી થયા, અને હવે તું પણ દુ:ખી થઇ રહી છે. જે જીવન બીજાને માટે સુખકારક થવાને બદલે દુ:ખદાયક બની જાય તે જીવન શું કરવાનું? એવા જીવનને ધારણ કરીને બેસી રહેવા કરતાં તો મરણ જ વધારે સારું; હજાર દરજ્જે સારું.'

'ના એવા વિચાર ન કરતી. તારું જીવન બીજાને માટે પ્રેરણાદાયક અને કલ્યાણકારક છે.'

'તો પછી તું મારે માટે અનશન કરવાનો વિચાર છોડી દે.'

'જોઇશ. હજુ તો મેં વિચાર જ કર્યો છે, નિર્ણય નથી કર્યો.'

'પરંતુ વિચારને નિર્ણયમાં પલટાતાં કાંઇ વાર લાગે? પ્રત્યેક નિર્ણય પહેલાં વિચારના રૂપમાં જ પેદા થતો હોય છે.'

મંદોદરી શાંત રહી. સીતાને જુદી જુદી જાતનું આશ્વાસન આપીને એ વિદાય થઇ.

### મહિનાની મુદત

મંદોદરીની એ મુલાકાત સીતાને માટે થોડીક વધારે ચિંતાજનક થઇ પડી.

સીતાના દિલમાં મંદોદરીને માટે એક પ્રકારનો અસાધારણ વિલક્ષણ પ્રેમ પ્રગટેલો. એ પ્રેમના લીધે એના સહવાસમાં એને શાંતિ લાગતી. મંદોદરીને મળીને એને સગી બહેન જેવો ઉમળકો થતો. એ બહેન હવે પોતાને માટે અનશન કરવાનો વિચાર કરી રહી છે એ શું બરાબર છે? અનશનના વિચાર પાછળ એનો પોતાને માટેનો પ્રખર અને નિઃસ્વાર્થ પ્રેમ રહેલો છે એ સાચું છે : એવા પવિત્ર ને સાચા પ્રેમ વિના પોતાને માટે આવો ભોગ આપવાનો અને આવી વેદના વેઠવાનો વિચાર જ ન આવી શકે : તે માટે પોતે એની આભારી છે અને એને અંતરનાં ઊંડાં અભિનંદન આપે છે : પરંતુ એવા અનશનથી એ ધારે છે તે પ્રમાણે રાવણનું હૃદયપરિવર્તન થઇ શકશે ખરું? રાવણને હૃદય જેવું કાંઇ લાગતું જ નથી, તો પછી એના પરિવર્તનનો પ્રશ્ન જ ક્યાં રહે છે? અનશનથી તો એ દુઃખી થશે એ નફામાં.

આ બધી પરિસ્થિતિ પોતાને લીધે જ પેદા થઇ છે એ વિચારથી એનું દિલ વધારે દુઃખી થયું.

મંદોદરીને માટે એના અંતરમાં અધિકાધિક આદરભાવ ઉત્પન્ન થયો પરંતુ પોતાની પરિસ્થિતિના વિચારથી એની વેદના વધી ગઇ.

મંદોદરીએ અનશનનો આરંભ કર્યો છે તે જાણીને રાવણ એની પાસે પહોંચી ગયો ને કહેવા માંડયો : 'ત્યારે તો લાગે છે કે સીતાએ તારા હૃદયને જીતી લીધું કે વશ કર્યું.'

'કેમ?'

'તારા હૃદયને એણે વશ કર્યું એથી તો તું એને માટે અનશન કરવા બેઠી. શરીરને નિરર્થક શા માટે સૂકવવા માંગે છે? એથી કોઇ જ શુભ હેતુ નથી સરવાનો.' (ક્રમશઃ)

## ત્યાગ અને કર્મદ્વારા મેળવવાની વસ્તુ એક જ છે

ત્યાગ ને કર્મદ્વારા મેળવવાની વસ્તુ એક જ છે. તે વસ્તુની પ્રાપ્તિ માટે જ માણસે પ્રયાસ કરવો ને ત્યાગના મિથ્યા મોહ તથા કર્મના ક્લેશમાંથી મુક્ત થવું એમ તે શીખવે છે. કર્મ ને ત્યાગ બંનેનું જો યોગ્ય રીતે પાલન થાય તો તે માણસને શાંતિ ને મુક્તિ આપવા સમર્થ છે ને સંસારની સમૃદ્ધિ માટે કર્મ ને ત્યાગ બંનેની જરૂર છે એવો તેનો અભિપ્રાય છે. કર્મ કરવા છતાં પણ કેવી રીતે અકર્તા રહી શકાય ને કર્મના બંધનમાં ન બંધાવાય તેનું રહસ્ય બતાવીને તે માણસને નિર્ભય બનાવે છે ને કર્મ કરતાં કરતાં પણ જનકની જેમ સિદ્ધિ મેળવવાનો માર્ગ બતાવી આપે છે. એટલે ગીતાની દૃષ્ટિએ ત્યાગ મોટો કે કર્મ મોટું એ પ્રશ્ન જ નથી. બંને પોતપોતાની રીતે મોટાં છે ને માણસને શાંતિ આપી શકે છે. બાહ્ય ત્યાગ કરીને પણ માણસે આંતરિક ત્યાગ માટે પુરુષાર્થ તો કરવો જ જોઇએ. તે વિના પ્રમાદી બનીને બેસી રહેવાથી કે બાહ્ય ત્યાગના મિથ્યા અહંકારમાં અટવાઇ જવાથી કોઇ જ લાભ નહિ થાય. માણસે ઈશ્વર જે પરિસ્થિતિમાં મૂકે તેમાં પ્રસન્નપણે રહીને જીવનની ઉન્નતિ માટે આશીર્વાદરૂપ અંદરના ત્યાગનો આધાર લેવો જોઇએ અને અહંકારથી મુક્ત થઇને કર્મ ને કર્મનો ત્યાગ, ભોગ ને યોગ ને વ્યવહાર ને વ્યવહાર ને સંન્યાસના બાહ્ય ભેદભાવમાંથી છૂટી જવું જોઇએ એવો ગીતાનો અભિપ્રાય છે.

યોગેશ્વરજી

# માણસે સૌ પ્રથમ પોતાના ઉદ્ધાર માટે તૈયાર થવાનું છે

માણસ પોતે જ જ્યાં સુધી અધૂરો છે ત્યાં સુધી તે બીજાને કેવી રીતે પૂર્ણ કરી શકે? બીજાની સેવા સારી રીતે થઇ શકે તે માટે માણસે પોતાની વ્યક્તિગત સેવા પણ કરવી જોઇએ. એટલે કે તેણે વિશુદ્ધ, વિવેકી તથા ઈશ્વરપરાયણ બનવું જોઈએ, ને મન તથા ઈન્દ્રિયોની ગુલામીમાંથી છૂટી જઈને ઈશ્વરદર્શનનો આનંદ લેવો જોઈએ. આ ખૂબ જ જરૂરી છે. જેણે સમાજની સેવા કરવી છે તે પોતાની જાતની સેવાનો ઈનકાર કે અનાદર કરી શકે નહિ. જેમ રથના પૈડાનો અનાદર રથને ચલાવવામાં મદદરૂપ નહિ પણ વિઘ્નરૂપ થઇ પડે છે તેમ માણસ પોતે સમાજના વિશાળ રથનું પૈડું છે. એવાં કેટલાંય પૈડાંના સહકારથી સમાજનો રથ ચાલ્યા કરે છે. તે રથનું વ્યક્તિરૂપી પૈડું જો અટકી જાય કે બગડી જાય તો રથની શક્તિમાં ખામી આવવાની. દરેક માણસે આ સમજી જવાની જરૂર છે ને સમાજને શક્તિશાળી કે સમૃદ્ધ બનવાનું છે. બીજાના ઉદ્ધાર માટે તૈયાર થતાં પહેલાં પોતાના ઉદ્ધાર માટે પણ તૈયાર થવાનું છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧